Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ स्रग्धरावृत्तम् ॥

जैना रक्षन्तु धर्मं विमलमतियुतास्त्यक्तरागादिदोषा
जैनान् धर्मश्च पातु प्रशिथिलप्रबलक्रोधशत्रूनुदारान् ।
जैनैरुत्साहशीलैः प्रिय निजविषयैरस्तु भद्रं स्वभूमेर्
'आत्मानन्द' प्रकाशो वितरतु च सुखं श्री जिनाज्ञापरेभ्यः॥ १ ॥

पु० २४ मुं | वीर सं. २४५३. वैशाख. आत्म सं. ३१ { अंक १० मो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर.

## વિષયાનુક્રમણિકા.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રેમમયી પ્રાર્થના. ... ... | ૨૬૭ | ૯ | શીકારીને. ... ... ... | ૨૮૨ |
| ૨ | જીનશાળામાં આવો ... ... | ૨૬૮ | ૧૦ | મૃત્યુ ! ... ... ... ... | ૨૮૩ |
| ૩ | બુદ્ધિ—માહાત્મ્ય. ... ... | ૨૬૯ | ૧૧ | સુધારો. ... ... ... | ૨૮૬ |
| ૪ | પાપનું ભાન. ... ... ... | ૨૭૧ | ૧૨ | ઉપદેશક પદ. ... ... ... | ૨૮૭ |
| ૫ | કેટલાક ઉપયોગી વિચારો. ... | ૨૭૪ | ૧૩ | પ્રકીર્ણ, વર્તમાન સમાચાર... | ૨૮૮ |
| ૬ | પશ્ચાતાપ અને માફી ! ... | ૨૭૯ | ૧૪ | સ્વીકાર અને સમાલોચના. ... | ૨૯૦ |
| ૭ | તેજી કયારે થશે ? ... ... | ૨૮૦ | ૧૫ | અમારો સત્કાર. ... ... | ૨૯૨ |
| ૮ | પ્રશ્નોત્તર. ... ... ... | ૨૮૧ | ૧૬ | ધાર્મિક અભ્યાસક્રમ... ... | ૨૯૩ |

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

ભાવનગર—આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જાહેર ખબર.

ગયા અંકમાં જણાવ્યા મુજબ આ માસિકમાં જાહેર ખબર આપવાના ભાવો નીચે મુજબ છે, જે ભાવો મધ્યમસર છે; વળી આ માસિક સમાજમાં વિશેષ પ્રકારે પ્રખ્યાતિ પામેલ હોવાથી જાહેર ખબર આપનારને યોગ્ય લાભ જલદી થાય છે.

જૈન સંઘ તથા પાંજરાપોળ જેવી ખાસ સંસ્થાઓની ખાસ જાહેર ખબરો સેવા આપવા તરીકે મફત છાપવામાં આવે છે.

## નીચે પ્રમાણે ભાવો છે.

માત્ર જૈન ધર્મના નિયમાનુસારજ ગ્રંથો વગેરે ધર્મને લગતીજ જાહેર ખબરો લેવામાં આવશે.

૧ પ્રથમ વખત ચાર લાઇનનો એક રૂપૈયો.

૨ ફરી ફરી તેજ છપાવે તો બીજી વખતે છ લાઇનનો એક રૂપૈયો.

| એકજ વખત. | ત્રણ માસ | છ માસ | એક વર્ષ |
|---|---|---|---|
| ૩ અર્ધું પાનું રૂ. ૫) પાંચ | રૂ. ૧૫) | રૂ. ૨૫) | રૂ. ૪૫) |
| ૪ આખું પાનું રૂ. ૧૦) દસ | રૂ. ૨૫) | રૂ. ૫૦) | રૂ. ૮૫) |

## " આત્મવિશુદ્ધિ ગ્રંથ. "

જેમાં શુદ્ધ આત્માનું સ્વરૂપ, શુદ્ધ આત્માનું આરાધન, આત્મપ્રાપ્તિનાં સાધનો, વિકલ્પોથી થતું દુ:ખ, જીવનો પશ્ચાતાપ વગેરે અનેક વિષયોથી ભરપૂર સાદી સરલ ગુજરાતી ભાષામાં કોઇ પણ મનુષ્ય સમજી શકે તેવી રીતે આચાર્ય મહારાજ શ્રી વિજય-કેશરસૂરિજીએ લખેલો આ ગ્રંથ છે. જેના પઠનપાઠનથી વાચકને આત્માનંદ થતાં, કર્મોને નાશ કરવાની પ્રબળ ઇચ્છા થતાં મોક્ષને નજીક લાવી મુકે છે. આત્મસ્વરૂપના ઇચ્છક મનુષ્યને આ ગ્રંથ મનનપૂર્વક વાંચતાં પોતાનો જન્મ સફળ થયો માની તેટલો વખત તો ચોક્કસ શાંતરસ–વૈરાગ્યરસમાં મગ્ન થાય છે. શેઠ ઝવેરભાઇ ભાઇચંદ સીરીઝના ત્રીજા પુષ્પ તરીકે પ્રગટ થયેલ છે. પાકું પુંઠું કિંમત ૦–૮–૦

**વસુદેવ હિંડી મૂળ**—નિર્ણયસાગરપ્રેસમાં, ઉંચા ઇંગ્લીશ લેઝર પેપર ઉપર શાસ્ત્રી સુંદર ટાઇપમાં છપાય છે. તે સંબંધી વિશેષ માહેતી હવે પછી આપીશું.

## શ્રી પંચપ્રતિક્રમણ સૂત્ર અર્થ સહિત.

મૂળ, ભાવાર્થ, વિશેષાર્થ નોટ વગેરે. તદ્દન શિક્ષણની પદ્ધતિએ નવી શૈલીથી અર્થ વગેરે સહિત રચના, બાળક, બાળકીઓ જલદીથી મૂળ તથા અર્થ સરલ રીતે શીખી શકે તેવી રીતે તૈયાર કરી છપાવેલ છે. શાળાઓ માટે ખાસ ઉપયોગી. વધારે લખવા કરતાં મંગાવી ખાત્રી કરો. કિંમત રૂ. ૧–૧૨–૦ મુદ્દલ કિંમત પોસ્ટેજ જુદું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગ્રંથોના પ્રમાણો આપી સુત્રવાણીના આશયને વિશેષ પ્રમાણભૂત કરી બતાવ્યો છે. આથી મૂળ ગ્રંથની મહત્તામાં વૃત્તિકારે મોટો વધારો કર્યો છે; એમ નિઃસંશય કહેવું જોઈએ.

ગ્રંથકર્તા મહાનુભાવ હરિભદ્રસૂરિજીએ શ્રુતઆગમ મહાન સાગરમાંથી ઉદ્ધાર કરેલા આ ગ્રંથને એક બિંદુ રૂપ ગણી તેનું નામ ધર્મબિંદુ આપેલું છે, પણ આ ઉપયોગી ગ્રંથ આધુનિક જૈન પ્રજાને એક વિવિધ જ્ઞાનનો મહાસાગર રૂપ થઇ પડે તેવો છે. આ મહાન ધર્મગ્રંથની અષ્ટાધ્યાયી જો મુક્તામણિની માલાની જેમ કંઠમાં ધારણ કરી રાખવામાં આવે તો તેનો અભ્યાસી યાવજ્જીવિત સદાચાર, સન્નિતિ અને સદ્ધર્મનો પરમ ઉપાસક બની પરિણામે પરમ પદનો અધિકારી બને છે.

આ પ્રમાણે ગૃહસ્થ અને યતિધર્મને વિસ્તારથી પ્રતિપાદન કરનારો આ ગ્રંથ રચવામાં આવ્યો છે કે જે, મનનપૂર્વક વાંચવાથી અધિકારી પોતાના અધિકાર પ્રમાણે સ્વકર્તવ્યના સ્વરૂપને સારી રીતે જાણી શકે છે. ઉપરાંત જૈનધર્મના આચાર, વર્ત્તન, નીતિ વિવેક અને વિનયના શુદ્ધ સ્વરૂપ સાથે તત્ત્વોના રહસ્યને સારી રીતે સમજી શકે છે. મુનિ અને ગૃહસ્થ એ દ્વિપુટી જો આ ગ્રંથને આદ્યંત વાંચે તો સ્વધર્મ-સ્વકર્તવ્યના યથાર્થ સ્વરૂપને જાણી પોતાની મનોવૃત્તિને ધર્મરૂપ કલ્પવૃક્ષની શીતળ છાયાની આશ્રિત કરી અનુપમ આનંદના સંપાદક બને છે. ગ્રંથ લેખનની શૈલી અંદરના સિદ્ધાંત તથા પ્રાસાદિક ભાષા સર્વ શિષ્ટ જનોની પરમ સ્તુતિના પાત્ર હોઇ મનોબળ, મનોભાવ અને હૃદયશુદ્ધિને વધારનારા છે. ટુંકામાં કહેવાનું કે આ સંસારમાં પરમ શ્રેય માર્ગે જી મોક્ષ પર્યન્ત સાધન પ્રાપ્ત કરવાની શુભ ભાવના ભાવનાર મુનિએ તેમજ ગૃહસ્થે મહાનુભાવ હરિભદ્ર સૂરિની પ્રતિભાનો આ પ્રસાદ નિરંતર પ્રાપ્ત કરવા યોગ્ય છે.

આ ગ્રંથની આ બીજી આવૃતિ છે, તેમાં મૂળ સૂત્ર શાસ્ત્રી ટાઇપમાં અને ભાષાંતર ગુજરાતી ટાઇપમાં છપાવેલ છે.

**આ ગ્રંથ આપણી શ્રી જૈન શ્વેતાંબર કોનફરન્સની એજ્યુકેશન બોર્ડે ધાર્મિક અભ્યાસક્રમમાં શાળા, પાઠશાળાઓમાં ચલાવવા મંજુર કરેલ છે.** તેની પ્રથમ આવૃતિ નહિં રહેવાથી આ બીજી આવૃતિ ઉંચા ગ્લેઝ કાગળો ઉપર, સુંદર ગુજરાતી ટાઇપથી છપાવી, સુશોભિત પાકા કપડાની બાઇંડીંગથી મજબુત બંધાવેલ છે. ડેમી સાઇઝમાં શુમારે ચારશેંહ પાનાના આ ગ્રંથની માત્ર રૂા. ૨-૦-૦ કિંમત રાખેલી છે. પોસ્ટેજ જુદું.

લખો—

**શ્રી જૈન આત્માનંદ સભા.**

**ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગ્રંથોના પ્રમાણો આપી સુત્રવાણીના આશયને વિશેષ પ્રમાણભૂત કરી બતાવ્યો છે. આથી મૂળ ગ્રંથની મહત્તામાં વૃત્તિકારે મોટો વધારો કર્યો છે; એમ નિઃસંશય કહેવું જોઇએ.

ગ્રંથકર્તા મહાનુભાવ હરિભદ્રસૂરિજીએ શ્રુતઆગમ મહાન સાગરમાંથી ઉદ્ધાર કરેલા આ ગ્રંથને એક બિંદુ રૂપ ગણી તેનું નામ ધર્મબિંદુ આપેલું છે, પણ આ ઉપયોગી ગ્રંથ આધુનિક જૈન પ્રજાને એક વિવિધ જ્ઞાનનો મહાસાગર રૂપ થઇ પડે તેવો છે. આ મહાન્ ધર્મગ્રંથની અષ્ટાધ્યાયી જો મુક્તામણિની માલાની જેમ કંઠમાં ધારણ કરી રાખવામાં આવે તો તેનો અભ્યાસી યાવજ્જીવિત સદાચાર, સન્નિતિ અને સદ્ધર્મનો પરમ ઉપાસક બની પરિણામે પરમ પદનો અધિકારી બને છે.

આ પ્રમાણે ગૃહસ્થ અને યતિધર્મને વિસ્તારથી પ્રતિપાદન કરનારો આ ગ્રંથ રચવામાં આવ્યો છે કે જે, મનનપૂર્વક વાંચવાથી અધિકારી પોતાના અધિકાર પ્રમાણે સ્વકર્તવ્યના સ્વરૂપને સારી રીતે જાણી શકે છે. ઉપરાંત જૈનધર્મના આચાર, વર્ત્તન, નીતિ વિવેક અને વિનયના શુદ્ધ સ્વરૂપ સાથે તત્ત્વોના રહસ્યને સારી રીતે સમજી શકે છે. મુનિ અને ગૃહસ્થ એ દ્વિપુટી જો આ ગ્રંથને આદ્યંત વાંચે તો સ્વધર્મ–સ્વકર્તવ્યના યથાર્થ સ્વરૂપને જાણી પોતાની મનોવૃતિને ધર્મરૂપ કલ્પવૃક્ષની શીતળ છાયાની આશ્રિત કરી અનુપમ આનંદના સંપાદક બને છે. ગ્રંથ લેખનની શૈલી અંદરના સિદ્ધાંત તથા પ્રાસાદિક ભાષા સર્વ શિષ્ટ જનોની પરમ સ્તુતિના પાત્ર હોઇ મનોબળ, મનોભાવ અને હૃદયશુદ્ધિને વધારનારા છે. ટુંકામાં કહેવાનું કે આ સંસારમાં પરમ શ્રેય માર્ગે જીવી મોક્ષ પર્યન્ત સાધન પ્રાપ્ત કરવાની શુભ ભાવના ભાવનાર મુનિએ તેમજ ગૃહસ્થે મહાનુભાવ હરિભદ્ર સૂરિની પ્રતિભાનો આ પ્રસાદ નિરંતર પ્રાપ્ત કરવા યોગ્ય છે.

આ ગ્રંથની આ બીજી આવૃતિ છે, તેમાં મૂળ સૂત્ર શાસ્ત્રી ટાઇપમાં અને ભાષાંતર ગુજરાતી ટાઇપમાં છપાવેલ છે.

**આ ગ્રંથ આપણી શ્રી જૈન શ્વેતાંબર કોનફરન્સની એજ્યુકેશન બોર્ડે ધાર્મિક અભ્યાસક્રમમાં શાળા, પાઠશાળાઓમાં ચલાવવા મંજુર કરેલ છે.** તેની પ્રથમ આવૃતિ નહિં રહેવાથી આ બીજી આવૃતિ ઉંચા ગ્લેઝ કાગળો ઉપર, સુંદર ગુજરાતી ટાઇપથી છપાવી, સુશોભિત પાકા કપડાની બાઇડીંગથી મજબુત બંધાવેલ છે. ડેમી સાઇઝમાં શુમારે ચારશેંહ પાનાના આ ગ્રંથની માત્ર રૂા. ૨–૦–૦ કિંમત રાખેલી છે. પોસ્ટેજ જુદું.

લખો—

**શ્રી જૈન આત્માનંદ સભા.**

**ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

तत्पुनर्द्विविधं कर्म कुशलरूपमकुशलरूपं च। यत्तत्र कुशलरूपं तत्पुण्यं धर्मश्चोच्यते। यत्पुनरकुशलरूपं तत्पापम धर्मश्चाभिधीयते। पुण्योदयजनितः सुखानुभवः पापोदय संपाद्यो दुःखानुभवः। तयोरेव पुण्य पापयोरनंतभेदभिन्नेन तारतम्येन संपद्यते खल्वेषोऽधममध्यमोत्तमाद्यनन्तभेदवर्तितया विचित्ररूपः संसारविस्तार इति ॥

उपमिति भवप्रपंचा कथा.

पुस्तक २४ मुं. { वीर संवत् २४५३. वैशाक. आत्मसंवत् ३१ } अंक १० मो.

## પ્રેમમયી પ્રાર્થના.

( વ્હાલા વીર જીનેશ્વર જન્મ જરા૦ એ દેશી. )

જય જય અંતરજામી આજ અરજ ઉર ધારજ્યોરે;
જય જય જીનવર સ્વામી સેવક સન્મુખ ભાળજ્યોરે.

અહનિશ અશુભ કરમ કરનારો, પાપે પેટ સદા ભરનારો;
જાણી દાસ અધમ નહીં અલગ નિવારજ્યોરે. જય૦ ૧

કર્મ આઠ અતિશે દુઃખકારાં, સંસારે સંતાપ ન હારાં;
એથી નાથ દયાળ મને ઉદ્ધારજ્યોરે. જય૦ ૨

પાછળ છે મુજ વિઘ્ન હજારો, જેથી જલદી પાર ઉતારો;
કરૂણારસનાં પ્રેમી નયન પ્રસારજ્યોરે. જય૦ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આશ્રિત જાણી આજ ઉગારો, શરણાગતનું કાજ સુધારો;
વ્હાલપણે બાળકની વિપત્ત વિદારજ્યોરે. જય૦ ૪

તારો તાત અગર નહીં તારો, મેં તો શરણ લીયોજ તમારો;
તારણ તરણ બિરૂદ નિજ શુભ સંભાળજ્યોરે. જય૦ ૫

**શાહ જે૦ છગનલાલ.**

# " જીનશાળમાં આવો "

( રાગ કલ્યાણ )

આવો આવો બાળ, જીનશાળમાં તમામ,
નિશદિન જ્ઞાન લેવા, આવો વીરબાળ—એ ટેક.

ઠામે ઠામે શાળા સ્થાપી, વીર બાળક સહુ કાજ;
ખંત ધરી સહુ આવો હોંશે, ધાર્મિક શિક્ષણ કાજ—આવો. ૧

ધર્મ જ્ઞાન વિણ જાણો મિથ્યા, માનવ જીવન સાર;
શાસ્ત્ર તણું સુભણતર ભણવા, થઇ જાઓ તૈયાર—આવો ૨

અભણતાનું તિમિર હરવા, ફેંકો જ્ઞાન પ્રકાશ;
વિધ વિધ ઉંચું શિક્ષણ લઇને, કરજો જ્ઞાનોદ્ધાર— આવો. ૩

ધર્મ બાગમાં બીજ રોપો સહુ, થાવા વૃક્ષ વિશાળ;
મધુર મીઠા મેવા જમવા, જઇ જળ સીંચો બાળ—આવો ૪

( રચનાર—**મણીલાલ માણેકચંદ મહુધાવાલા** )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# બુદ્ધિ-માહાત્મ્ય.

જગતમાં દષ્ટિગોચર થતા સર્વ પ્રકારનાં જીવન્ત પ્રાણીઓમાં યદિ સર્વોત્તમ પ્રાણી હોય તો તે મનુષ્ય છે. ચતુર્વિધ ગતિઓમાં પણ સ્વર્ગાપવર્ગનાં અધિકાર સંપાદન કરવામાં નિપુણતાવાળી ગતિ તે મનુષ્યગતિજ છે. ચેતન અને અચેતન યાવતીય પદાર્થો પર સત્તા ધરાવી શકે તેવી શક્તિ સંપન્ન પ્રાણી તે મનુષ્યજ છે. આ લોકની તથા પરલોકની યાવતીય વિભૂતિઓનું ભોકતૃત્વ પણ મનુષ્યજ મેળવી શકે છે. એવી વિશિષ્ટ શક્તિ મનુષ્યોમાં શાથી છે ? અન્ય પ્રાણીઓ કરતાં શું વિશેષ તત્ત્વ છે, તેનો પ્રત્યુત્તર માત્ર એજ છે કે, બુદ્ધિ તત્ત્વ -અન્ય જીવન્ત યાવતીય પ્રાણીઓ કરતાં મનુષ્યમાં વિશેષ છે. અને તેનાજ માહાત્મ્યવડે મનુષ્યની મહત્તા છે, માટે આ લેખમાં બનતા પ્રયત્ને બુદ્ધિ માહાત્મ્યનું વર્ણન કરવામાં આવશે. પ્રથમમાં બુદ્ધિ તત્ત્વ મનુષ્ય જીવન ઉપર કેવી રીતે ઉપકાર કરે છે તેનું વર્ણન કરવામાં આવશે. આગળ ઉપર તેના ગુણો શોધી કાઢવાની શકિત, તેને નવું રૂપ આપવાની શક્તિ તેને યોજવાની શક્તિ વિગેરેનું વર્ણન સવિસ્તર કરવામાં આવશે.

બુદ્ધિના સ્વરૂપમાં તો ઘણા વિવાદો છે—કોઇ તેને આત્માનો ગુણ માને છે. બુદ્ધિ, ઉપલબ્ધિ, અને જ્ઞાનને પર્યાય વાચક શબ્દો માને છે. કેટલાક તે તત્વની ઉત્પત્તિ મહત્ત્વથી માને છે. અને આત્માથી ભિન્ન સ્વીકાર કરે છે અને કેટલાકો તેને અંતઃકરણના ધર્મ રૂપે સત્કારે છે. અને ઘણાઓ તેને આત્માથી ભિન્નાભિન્ન પણ માને છે. પણ બુદ્ધિ તત્ત્વની સર્વોપરિતા વિષે અને તેના માહાત્મ્ય વિષે તો વિવાદ જ નથી અને આપણે કાંઇ તેના સ્વરૂપનો નિર્ણય કરવો નથી. પણ તેના માહાત્મ્યની ઉપયોગી ચર્ચાજ આ લેખમાં કરવાની છે, કારણકે તેની ઉપકારિતા, ગુણો શોધવાની શક્તિ, નવું રૂપ આપવાની શક્તિ, અને યોજકશક્તિ એ બધા વિષયોની પૃથક્ પૃથક્ ચર્ચા જનસમાજને અતીવ લાભદાયક થાય અને તે દ્વારા પોતાની બુદ્ધિની સ્થિતિનું ભાન કરી આગળ ઉપર તેના વિકાસનો લાભ લઈ શકે તે હેતુથીજ આ લેખમાળા આરંભી છે—

## બુદ્ધિની ઉપકારિતા.

જ્યારે આપણને કોઇ પણ વસ્તુનું જ્ઞાન થાય છે, ત્યારે તેને માટે તે જ્ઞાન સંબંધી સમીપની તથા સાહચર્ય વસ્તુનું સ્મરણ અને વિચાર સ્ફુરે છે અને પછી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે સમયોપયોગી તર્ક કરીને કાર્યમાં યોજીએ છીએ. એ બધું બુદ્ધિનું જ કાર્ય છે. ઉદાહરણ તરીકે આપણે રાત્રિએ શરદ્પુર્ણિમાને ચંદ્ર જોયો, એ થયું સામાન્ય જ્ઞાન, અને પછી તરતજ વિચાર પરંપરા ચાલે છે. જેમકે ગતવર્ષમાં થયેલ ચંદ્ર દર્શનનું સ્મરણ, તે વખતે સાથે રહેલ મિત્ર મંડળીનું જ્ઞાન, તે સાથે શરદ્પુર્ણિમા સંબંધી ચાલતી લોક કથાઓને વિચાર ચંદ્રમાં દેખાતા કલંકને વિચાર, તેની સત્યતા કેટલા અંશમાં છે, તેનો વિચાર તે ઉપર શાસ્ત્રોમાં અને પુરાણો વિગેરેમાં આપેલી કથાઓના વિચાર-એ પ્રમાણે એક વસ્તુના જ્ઞાન માત્રથી વિચાર-માળાઓની પરંપરા ચાલી નીકળે છે. તે એક બુદ્ધિનો પ્રથમ ઉપકાર છે. આ રીતે આપણને બુદ્ધિના માહાત્મ્યથી થતો ઉપકાર જેઓમાં બુદ્ધિ બળ ઓછું હોય તેવાઓ તે વિચારમાળાને સામાન્ય અનુભવમાં આવતા સામાન્ય વિચારોમાંજ ગણી કાઢી તેનાથી થતા લાભથી બેદરકાર રહે છે અને કેટલાકોની વિચારમાળા વચમાંજ તુટી જાય છે, એ એક ક્ષુદ્ર બુદ્ધિનું લક્ષણ છે.

પણ જેઓમાં વિશિષ્ટ કેળવાયેલી બુદ્ધિ હોય છે, તેઓ બુદ્ધિના માહાત્મ્યથી થતી વિચારમાળાને નવનવું રૂપ આપી જનસમાજને આનંદ અને બોધ મળે તેવા નવા રૂપમાં ગોઠવે છે. નવીન તર્કોનો ઉદ્ભવ કરે, નવી નવી કલ્પનાઓને યોજે અને તેથી પણ જેમ બને તેમ ઉત્કૃષ્ટ વિચારમાળાને પ્રવર્તાવી શકે છે. જેઓ પોતાની ઉત્કૃષ્ટ વિચારમાળાનાં પ્રતાપે નવું નવું કલ્પી નવી અને અનોખી રીતે જગત સમક્ષ જાહેર કરી શકે છે તે વિદ્વાનો અને કવિઓ તરીકે જગતમાં પ્રસિદ્ધિ મેળવે છે. એ પણ એક બુદ્ધિનો સામાન્ય ઉપકાર છે.

આપણે જ્યારે જ્યારે કોઈપણ પદાર્થનું જ્ઞાન પ્રાપ્ત કરીએ છીએ, ત્યારે થોડા અથવા વધુ પ્રમાણમાં બુદ્ધિની ઉત્કૃષ્ટતા તથા અપકૃષ્ટતાના આધારે વિચાર માળા તો ચાલવાની જ, પણ એટલાથીજ બુદ્ધિનો ઉપકાર અટકતો નથી, પણ બુદ્ધિનો વિશેષ ઉપકાર તો તેની તર્કશક્તિદ્વારા થાય છે. બુદ્ધિની–તર્કશક્તિનું સામાન્ય સ્વરૂપ એ છે કે આપણને કોઇપણ સામાન્ય વા વિશેષ વસ્તુના દર્શનથી ચાલતી વિચારમાળાઓમાંથી પૂર્વના વિચાર અને ઉત્તરના વિચાર એ બેની વચ્ચેનું સાહચર્ય અને સાદશ્ય દ્વારા પૂર્વ અને ઉત્તરના વિચાર સંકલનાને ગુંથીને શ્રંખલાબદ્ધ પદ્ધતિથી જનસમાજને યાતો સ્વયં પોતાને ઉપયોગી થઈ પડે એવી અસર કારક રીતે મુકી શકીએ તોજ બુદ્ધિનો સદુપયોગ કર્યો કહેવાય. એમાં પૂર્વના વિચારથી થતું જ્ઞાન, અને ઉત્તરનાં વિચારથી થયેલ જ્ઞાન એ બે જ્ઞાનોનાં સમન્વય કરનારૂં અને સાહચર્યવાળું ત્રીજું જ્ઞાન જે પ્રયોજન સરે તેવું તારવી કાઢવું એજ તેનો ખરો ઉપકારક છે.

જેમ એક ખરો–સત્યનિષ્ઠ ન્યાયાધીશ એક ગુન્હેગાર વ્યકિતની પૂર્વની અને ઉત્તર પરિસ્થિતિ ઉભયનો વિચાર કરી ગુન્હેગાર વ્યકિતને તરતને માટે કેવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકારની સજા કરવાથી આગળ ઉપર એનું ભવિષ્ય સુધરી શકશે, તેનો વિચાર કરીને તદનુકુળ સજા ફરમાવે છે અને તે યથાર્થ ન્યાયયુકતજ હોય છે આ રીતે ઉપકાર કરનાર વ્યકિત તે બુદ્ધિ.

દરેક શાસ્ત્રીય યા વ્યાવહારિક પદાર્થોમાંથી પણ તત્ત્વની યથાર્થ તારવણી કરી આપનાર તે બુદ્ધિ. ગમે તેવા કટોકટીનાં પ્રસંગોમાં સમયાનુકૂળ આગળ પાછળનો વિચાર કરી તરતમાં ઉપયોગી ઉપાયની સ્ફુર્તિ એ પણ એક બુદ્ધિનો ઉપકાર છે. એથીજ ઘણા વિદ્વાનોનો મત છે કે કટોકટીનો પ્રસંગ એ એક બુદ્ધિને તીક્ષ્ણ કરવાનો ઉપાય છે.

બુદ્ધિનું ચાતુર્ય એ છે કે અમુક અનુમાન ઉપર આવવાને માટે વસ્તુઓનાં ગુણ ધર્મોમાંથી, પ્રયોજન સરે તેવો ગુણ શોધી કાઢવો. તેમ તેની જ્ઞાનશક્તિ એ છે કે શોધી કાઢેલા ગુણની સાથે બીજા કયા કયા ગુણો નિકટનો સંબંધ ધરાવે છે અને જ્યાં પહેલો ગુણ હોય ત્યાં બીજો ગુણ હોવોજ જોઇએ, એ જાણવાની શકિત અર્પવી એ પણ બુદ્ધિનોજ ઉપકાર છે. જેમ જેમ ઉપરોકત દર્શાવેલ શકિતઓનો ઉત્તરોત્તર વિકાસ થાય તેમ તેમ મનુષ્ય પ્રાણી વધારે અને વધારે ઉન્નતિને પ્રાપ્ત કરતો જાય છે. અને આવી આવી અનેક પ્રકારની ઉપકારિતા બુદ્ધિથી મનુષ્યજ મેળવી શકે છે. તેથીજ મનુષ્ય જીવનની શ્રેષ્ટતા અને ઉત્કૃષ્ટતા દૃષ્ટિગોચર થાય છે. બુદ્ધિનું ચાતુર્ય અથવા તો વસ્તુઓમાં ગુણ ધર્મોનું નિરીક્ષણ કરવાની શકિતનું સવિસ્તર વર્ણન આગામી અંકમાં આપવામાં આવશે. –ઇત્યલમ્–

**લી૦ વિચારક.**

# [1] પાપનું ભાન.

મારૂં હૃદય નિરંતર એમજ પુકારી રહ્યું છે કે " હું પાપી છું–હું પાપી છું, મધ્યાન્હે, સાંજે, દિવસના બધાજ સમયે, જ્યાં સુધી હું જાગું છું ત્યાં સુધી, આ પાપનું ભાન હું ત્યજી શકતો નથી. દુનિયાના શબ્દકોષમાં ચોરી લુંટ વિગેરેને પાપ કહેવામાં આવે છે. મારા શબ્દકોષમાં પાપનો અર્થ હૃદયનો કંટક, દર્દવાળી મનસ્થિતિ, દુર્બળતા છે. પાપી બનવાનો સંભવ એ પણ મારા મનથી પાપજ છે. પાપયુકત વર્તનને જ હું પાપ માની સંતુષ્ટ રહ્યો નથી. પાપી બનવાની યોગ્યતા હોવી, પાપને પાત્ર હોવું એ પણ મને ત્રાસદાયક છે. જ્યારે અંતરાત્માનો પ્રકાશ મારા હૃદય ઉપર પહેલીવારજ રેડાયો ત્યારે મેં ત્યાં પ્રમાદ, જડતા, નિર્બળતા,

૧ એક મુમુક્ષુના આત્મમંથન સમયના ઉદ્ગારોમાંથી સમુધ્ધૃત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિવિધ પ્રકારની ભોગેષણાઓ આદિ હજારો નાનાં મોટાં પાપો જોયાં. આ બધાં અનિષ્ટનાં મૂળો એવાં લપાઇને ગુપ્તપણે ત્યાં રહ્યાં હતાં, કે જો અંતરાત્માનો ( Conscience ) પ્રકાશ ત્યાં પડયો હોત તો તે જોઇ શકવાનો સંભવ પણ નહોતો. જ્યાં પર્યંત આ સ્થૂળ શરીર છે ત્યાં પર્યંત ક્રોધાદિ કષાયોનાં કારણો પણ છે. મારૂં માનવું એમ નથી કે મનુષ્ય પાપમાંજ અવતરેલો છે. જ્યારે મનુષ્યનું વલણ વાસનાની તૃપ્તિ તરફ હોય છે ત્યારે તે વલણ પાપમાંથી જ ઉદ્‌ભવતું હોય છે. હું પાપ કયારે કરતો હોઉં છું ? અસત્ય બોલું ત્યારે, ચોરી કરતો હોઉં ત્યારે, અન્ય મનુષ્યની સંપત્તિ દેખીને એક ક્ષણ ભર પણ મારા મનમાં એમ આવી જાય કે આ માણસની દોલત મારા હાથમાં આવે તો કેવું સારૂં ? તે વખતે ખરેજ હું એક ચોર હોઉં છું. જીવન જ્યારે સંકટમાં આવી પડયું હોય અને મન નબળું બની ગયું હોય ત્યારે અસત્ય બોલી જવાય છે અથવા કદાચ પ્રત્યક્ષ અસત્ય નહિ તો પણ સામાના મન ઉપર ખોટી અસર ઉપજાવવાનું બની જાય છે, આ પાપ છે તેજ પ્રકારે હું જે કાંઇ ખરી રીતે છું તેના કરતાં મારી જાતને હું જરા પણ ઉચ્ચ પ્રકારની કલ્પું એનું નામ ગુમાન છે. હૃદયમાં હું બીજા આત્માઓ કરતાં મારા આત્માને વધારે ચાહું અને બીજાઓના સુખ કરતાં મારા સુખને માટે અધિક પ્રયત્ન કરૂં તો તેમાં સ્વાર્થીપણાનું પાપ છે. આ પ્રકારે મારામાં હું પાપની હજારો નાની મોટી કળાઓ નિરંતર જોયા કરૂં છું. નર્કમાંહેના કીડાઓની માફક મારા હૃદયમાં સતત્ ગતિ કરી રહેલા હોય છે. મારા છેલ્લાં વર્ષોમાં મેં કેટલાં આવાં પાપો કર્યાં હશે એની ગણત્રી કરવા બેસું તો તેની સંખ્યા કરોડોની થવા જાય છે. મારામાં અંતરાત્માનો પ્રકાશ એવો બળવાનપણે વ્યાપી રહ્યો છે કે સૂક્ષ્મમાં સૂક્ષ્મ પાપ પણ પકડાઇ ગયા વિના રહેતું નથી. આ પાપનું ભાન મને અસહ્ય કષ્ટ આપ્યા કરે છે. હું મારા મનની સ્થિતિનો એટલો બધો બળવાન સાક્ષી છું કે જાણે આ પાપોની ગણત્રી કર્યા કરવાનેજ મારૂં નિર્માણ ન થયું હોય એમ મને લાગે છે. પ્રભાતથી માંડીને આખો દિવસ હું એજ ગણ્યા કરૂં છું. ક્ષણમાં એ પાપ સ્વાર્થરૂપે તો ક્ષણમાં અભિમાન રૂપે, ક્ષણમાં લાલસારૂપે તો ક્ષણમાં અસત્ય તરફની પ્રીતિરૂપે ક્ષણમાં ધન સંપત્તિના ગુમાનરૂપે તો ક્ષણમાં કોઇ તેવાજ બીજા પ્રકારે એમ પાપ મને દર્શન આપ્યા કરે છે. આ ગણત્રી કરવાનું કામ મારી બુદ્ધિ નહિ પણ હૃદય કરે છે. મારૂં હૃદય નિરંતર જવલન્ત શીલ રહ્યા કરે છે. તેને ક્ષણ આરામ નથી. કરોળીયાની જાળમાં જેમ માખી ફસાય કે તુરતજ કરોળીઓ તેને પકડવાને દોડે છે તે પ્રકારે મારા આધ્યાત્મિક શરીરમાં કોઇ પાપરૂપી માખી ફસાય તો મારૂં હૃદય તેને પકડી પાડે છે.

જીવનના ગમે તે પ્રદેશમાં કોઇ અનિષ્ટ વિચાર થાય, ફરજ પુર્ણ રીતે બજાવી ન શકાય, કોઇ કરવા યોગ્ય સત્કાર્ય ન બને, કોઇ સદ્‌ગુણની અવજ્ઞા થાય અથવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઇ નિર્બળતાને સુધારી લેવામાં ન આવે તો મારૂં નિરંતરનું જાગૃત-ઉપયોગમય હૃદય તુરતજ તે બધું જોઈ શકે છે. મારૂં હૃદય અત્યંત તીક્ષ્ણ અને મર્મવેદી છે મને દુઃખી બનાવવાની એની શકિત પ્રચંડ છે. હું કોઇ પ્રતિ સ્હેજ અન્યાય કરૂં છું તો મને આખો દહાડો અને રાત જરાપણ ચેન પડતું નથી. વધારે શું કહું ? દુનીયા ઉપર એકે એવું પાપ નથી કે જે હું ન કરી શકું. આથી જેઓ પવિત્રપણાનું ગુમાન રાખે છે તેમના બોલવા ઉપર મને શ્રદ્ધા નથી. મને કોઈ પાપી કહે તો હું જરાપણ શરમાતો નથી. જે મનુષ્ય હૃદયમાં રહેલાં લાખો પાપો હમેશાં ગણે છે તેને કોઇ પાપી કહીને બોલાવે તો તેણે શા માટે ખોટું લગાડવું જોઇએ ? અરે લોકો ચક્ષુ ખોલીને જુઓ કે તમે જેને આટલું બધું માન આપો છો એ આવો પાપી છે ! તમે આ પાપીને પાપી રૂપે જોઇ શકતા નથી; વિચારી પણ શકતા નથી. આથી મારો પશ્ચાત્તાપ, મારૂં વેદન વધારે ઉગ્ર બને છે.

પરંતુ પરમાત્માની મારા ઉપર કૃપા છે કે બીજા દૃષ્ટિબિંદુથી જોતાં મારા જેવા સુખી મનુષ્યો થોડા હશે. આ નારકીના કીડાઓ જે ચક્ષુદ્વારા, કર્ણદ્વારા, જીહ્વાદ્વારા ઉભરાયા કરે છે તેઓ મારૂં હિતજ કરે છે. એક પક્ષે જેમ હું નરકનું ભાન વેદ્યાં કરૂં છું, તેમ બીજા પક્ષે સ્વર્ગનું ભાન હું અનુભવું છું. જે શરીર લાંબા કાળથી રોગવશ હોય છે અને વ્યાધિમાં ઘેરાઇ ગયેલું હોય છે તે શરીરમાં દરદનું સ્થાન નક્કી કરવું બહુ મુશ્કેલ છે; પરંતુ નિરોગી શરીરમાં વ્યાધિનું ચિન્હ તુરતજ પકડી શકાય છે. આથી પાપ રૂપી દરદનું મને સ્હેજ ભાન થાય છે કે તરતજ હું એના ઉપચાર કરવા માંડું છું અને પ્રાર્થના અને યોગમાં જોડાઈ જઉં છું. જો મને દશ પાપનુંજ ભાન રહ્યા કરતું હોય અથવા દશ પાપજ મારાવડે બનવાનો સંભવ હું કલ્પતો હોઉં તો તેટલાનુંજ નિવારણ થયે હું મારી જાતને એક પવિત્ર મહાત્મા માની લેવાની ભૂલ કરી બેસું. પરંતુ મારો અંતરાત્મા અસંખ્ય પાપનું ભાન મારામાં જાગૃત રાખ્યા જ કરે છે અને એક પછી એક એ સર્વને નિવારવા અને આગળને આગળ પ્રગતિ કરવા આર માર્યા કરે છે. કોઇ ક્ષણોમાં હું એમ પણ બોલી ઉઠું છું કે શું પરમાત્મા હશે ? હું પાપી મનુષ્ય પરમાત્મા થઈ શકું ? આ શંકા કાળે મારૂં વેદન કેવું ઉત્કટ હોય છે તે હું શું કહું ? અરે પાપી ! હજી આ વાતની તું શંકા કરે છે ? હું આમ દોડધામ કરીને આધ્યાત્મિક શાંતિમાં પ્રવેશું છું. મનુષ્ય એક વખત રોગી ન હોય ત્યાં સુધી તેને તંદુરસ્તીની કીંમત ન સમજાય. મેં જેમ સંતાપ અનુભવ્યો છે તેમ સંતાપથી મુક્ત હોવાની આનંદ ક્ષણો પણ અનુભવી છે. જેમ ઘડીયાળનો મીનીટ કાંટો નિરંતર કટકટ થયાજ કરે છે તેમ મારામાંથી પણ નિરંતર સ્વર ઉઠ્યાજ કરે છે કે " હજી તારે બહુ મેળવવાનું છે. હજી તું કાંઇજ નથી; તારી પ્રગતિ હજી પ્રાથમિક સ્થિતિની છે. " ઘોડાને જેમ ચાબુક વાગે છે તેમ મને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહોનિશ આ અંતરાત્માના સ્વરનો ચાબુક વાગ્યાજ કરે છે. આ સર્વમાં નવાઈ જેવું તો એ છે કે જ્યારે હું રોતો હોઉં ત્યારે હસતો પણ હોઉં છું." જેમ મારૂં રૂદન વધારે તેમ હસવું પણ વધારે. દવા જો તંદુરસ્તી આપી શકે છે તો પછી એવો કોણ હોય કે જે દવા ન લે ? હું તો એજ ઇચ્છું છું કે મારૂં પાપનું ભાન વધ્યાજ કરો. પાપના ભાનમાંથી ઉદ્દભવતો પશ્ચાત્તાપ અને કષ્ટ સર્વને હો એમ ઇચ્છું છું. કુદરતની સત્તા એવી પ્રેમાળ છે કે તે કષ્ટના પ્રમાણમાં પાછળથી આનંદ આપે છે. અપરાધનું જે ભાન દરદ ઉપજાવે છે, તેજ ભાન આનંદ પણ ઉપજાવે છે. પાપનો પશ્ચાત્તાપ આપણને પરમાત્મા સાથે સંબંધમાં લાવે છે. પરમાત્માની સત્તા અને વિશાળતા સમજ્યા પછી અને તેમની મહત્તા સાથે અભિમુખતા અનુભવ્યા પછી બધાં દર્દો અને સંતાપો શા હિસાબમાં છે ? જેણે પરમાત્મ સ્વરૂપ તરફ લક્ષ આપ્યું છે તેને શી ચિંતા છે ? એ સત્તા આગળ પાપની સત્તા કાંઇ વિસાતમાં નથી. બધુઓ, મેં તમને જીવનની અંધારી તેમજ અજવાળી ઉભય દિશાઓનું વર્ણન આપ્યું. જો તમે કાંઈ પાપ કર્યું હોય તો તમારા આત્માને પશ્ચાતાપમાં ઓગાળી દો અને શાંતિ સ્વરૂપ પરમાત્મા તમારી સમક્ષ આકર્ષાઈને તમારા હૃદયને પોતાની સ્વરૂપભૂત શાંતિથી ભરી દેશે અને તમો તેમની જેવા નિરંતર આધ્યાત્મિક શાંતિવાળા ભવિષ્યમાં થશો.

**ફતેહચંદ.**

## કેટલાક ઉપયોગી વિચારો.

**વિઠ્ઠલદાસ મૂ. શાહ.**

સંસારમાં એવા ઘણા થોડા લોકો જોવામાં આવે છે કે જેઓ હમેશાં પોતાની જાતને વશ રાખે છે, જેઓ સર્વ કાર્યો ઘણી જ ઉત્તમતા પૂર્વક કરે છે, જેઓ જીવનકાળમાં આવનાર સર્વ સમસ્યાઓની મીમાંસા ધૈર્ય અને દઢતા પૂર્વક કરે છે, જેઓ વ્યવહારમાં નિપુણ તેમજ સાચા હોય છે અને જેઓ વિદ્યા, બુદ્ધિ, ધન, બળ વિગેરેનો સારો ઉપયોગ કરે છે. આ સર્વ બાબતોને માટે સૌથી પ્રથમ આવશ્યક્તા એક જ છે કે મનુષ્યે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ. અર્થાત્ તેણે બરાબર સમજી લેવું જોઇએ કે હું કોણ છું, મારામાં કેટલી શક્તિ છે અને મારા જીવનનું ધ્યેય શું છે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંસારની બીજી વસ્તુઓની માફક મનુષ્યમાં પણ અનેક વિશેષતાઓ તેમજ અનેક ગુણો રહેલા છે. સંસારના સમસ્ત પ્રાણીઓમાં મનુષ્ય શ્રેષ્ટ ગણાય છે. આવી સ્થિતિમાં મનુષ્ય પોતાની જાતને અયોગ્ય, અકર્મણ્ય, અને ભાગ્યહીન માન્યા કરે અને કોઈ પ્રકારની અનીતિ અથવા અનાચારમાં પ્રવૃત્ત થાય તો તે એક પ્રકારનો મહાન દોષ કરે છે. આજકાલ સંસારમાં જેટલા દોષો જોવામાં આવે છે તેનું મુખ્ય કારણ એ છે કે મનુષ્ય પોતાની શક્તિથી પરિચિત હોતો નથી તેમજ તેને પોતાના જીવનના ધ્યેયનું જ્ઞાન હોતું નથી, જે મનુષ્ય હમેશાં પોતાને દુર્બલ, અયોગ્ય અને અધમ ગણે છે તે સંસારમાં કદિપણ કોઇ મોટું કાર્ય કરી શકતો નથી. એમ કહેવાય છે કે મનુષ્યના જેવા વિચાર હોય છે તેવો જ તે પોતે થાય છે. તેની સર્વ અવસ્થાઓ ઘણે ભાગે તેની માનસિક અવસ્થાને અનુરૂપ બની જાય છે. આવી સ્થિતિનાં મનુષ્ય પોતાની જાતને જેવી બનાવવા ચાહતો હોય તેવી જ સમજવી જોઇએ. જો મનુષ્ય પોતાની જાતને સદાચારી, સત્યનિષ્ટ, કર્તવ્યપરાયણ, અને ભાગ્યવાન ગણે તો તે ઘણે ભાગે એવો જ બનશે. તેણે પોતાની અંદર કોઇ દોષ ન આવવા દેવો જોઇએ. સર્વ ગુણ સંપન્ન હોવાનો એજ સૌથી સરસ, સીધો અને સહજ ઉપાય છે.

સંસારમાં ઘણા એવા લોકો હશે કે જેઓ બીજાની સાથે ઘણોજ સારો વ્યવહાર કરતા હશે, કોઇની સાથે પણ અનીતિમય આચરણ નહિ કરતા હોય, કોઈની ઉપર અન્યાય અથવા અત્યાચાર નહિ કરતા હોય, પરંતુ તે પોતે પોતાની સાથે ઘણું જ અન્યાય પૂર્ણ વ્યવહાર કરતા હશે. પોતાની શક્તિઓનો દુરૂપયોગ કરીને, પોતાની જાતને હલકી બનાવીને, મનુષ્ય પોતાની જાત સાથે અન્યાયથી વર્તે છે. બીજાની સાથે અનુચિત વ્યવહાર કરવા જેટલું જ પોતાની જાત સાથે અનુચિત વ્યવહાર કરવો ખરાબ છે. પ્રત્યેક મનુષ્યનું એ પરમ કર્તવ્ય છે કે તેણે પોતાની શારીરિક તેમજ માનસિક અવસ્થા યથા સાધ્ય ઉન્નત રાખવી જોઇએ. માત્ર આટલા કર્તવ્યનું પાલન નહિ કરવાથી જ અનેક લોકોનું જીવન ખરાબ રીતે નષ્ટ થાય છે.

આપણે એવા અનેક લોકો જોયા હશે કે જેઓએ પોતાના આખા જીવનમાં કદિપણ કોઇ પ્રકારની ઉન્નતિ નહિ કરી હોય અને જેઓ યુવાવસ્થાથી માંડીને વૃદ્ધાવસ્થા પર્યંત જ્યાંને ત્યાં જ રહ્યા હશે. તેઓને પોતાને પણ સમજાતું નથી કે આપણે ઉન્નતિ કેમ કરી શકયા નહી. પરંતુ આપણે જો તેઓની સ્થિતિપર જરા વિચાર કરશું તો માલુમ પડશે કે તેઓ પોતાની અવસ્થાનું ધ્યાન રાખતા નથી, પોતાના વિચાર શુદ્ધ રાખવાને પ્રયત્ન કરતા નથી, પોતાની ઉન્નતિ, સાધવાનો કશો પ્રયાસ પણ કરતા નથી. કેટલીક વખત જેઓ મોટાં મોટાં કાર્યો કરવામાં સમર્થ હોય છે, તેઓ નાનાં નાનાં કાર્યો કરવામાં પણ અસમર્થ જોવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેનું કારણ એ છે કે પોતાની જાત પ્રત્યે મનુષ્યનું જે કર્તવ્ય છે તેનું તેઓ પાલન કરતા નથી. તેઓ પોતાની જાત સાથે અન્યાય કરે છે.

એવાં એવાં પુસ્તકો જોવામાં આવે છે કે જેના વિચારોમાં સમજણ જ નથી પડતી. એવાં એવાં વ્યાખ્યાનો સાંભળવામાં આવે છે કે જેમાં કશું તત્વ જ હોતું નથી. એનું કારણ એ છે કે લેખક અથવા વકતામાં જરાપણ માનસિક બળ હોતું નથી. શિષ્યો ઉપર શિક્ષકોના ઉપદેશનો જોઇએ તેવો પ્રભાવ નથી પડતો એનું કારણ એ છે કે તેના પોતામાં જ કોઈ પ્રકારનો ઉત્સાહ નથી હોતો. વેપારીઓ વેપારમાં આગળ વધતા નથી, નોકરીયાતો જીંદગીભર જ્યાં ને ત્યાં પડ્યા રહે છે. જ્યાં સુધી તેઓ હમેશાં દુઃખી અને ઉદાસ રહે છે ત્યાં સુધી લાભ અથવા ઉન્નતિ કયાંથી થઈ શકે ?

યુરોપ અને અમેરીકાના મોટા મોટા વેપારીઓનો, કારખાનાંના માલીકોનો તથા મોટા કાર્યો કરનારાનો એ સિદ્ધાંત હોય છે કે બની શકે તેટલો ખર્ચ ઓછો કરવો અને કામ વધારે લેવું. ઉન્નતિ અથવા લાભ સાધવાનો મુખ્ય સિદ્ધાંત એજ છે. એ સિદ્ધાંતને આપણે આપણી શકિતઓ ઉપર ઘરાવવો જોઇએ. બની શકે ત્યાં સુધી આપણે શકિતઓનો નાશ ઓછો કરવો જોઇએ અને તેનાથી કામ વધારે લેવું જોઈએ. એથી ઉલ્ટું આજકાલ તો લોકો પોતાની શકિતઓથી જરાપણ કામ લેતા નથી અથવા હદથી વધારે કામ લઈને શકિતઓને નષ્ટ કરે છે. અથવા તો લોકો કામ જ કરતા નથી, અને કરે છે તો એટલું બધું વધારે કરે છે કે પોતાનું સ્વાસ્થ્ય બગાડે છે. સાંસારિક વ્યવહારની ખાતર શરીર અને મન બન્ને માણસની પુંજી છે. જેઓ તે પુંજીને સુરક્ષિત નથી રાખતા, તેઓ કદિપણ કોઇ મહાન કાર્ય નથી કરી શકતા, પોતાના શારીરિક અને માનસિક બળનો નિરર્થક નાશ કરનાર મનુષ્યને તેની સાથે સરખાવી શકાય કે જે પોતાની સઘળી દોલત ખરાબ કાર્યોમાં ગુમાવીને ભીખારી બની જાય છે.

મહાન વૈજ્ઞાનિકો બરાબર પરીક્ષા કરીને એવા નિર્ણય ઉપર આવ્યા છે કે ગેસ બનાવવા માટે જે કોલસા કામમાં લેવાય છે તેની પ્રકાશક–શકિતનો કેવળ એક શતાંશ ઉપયોગમાં આવે છે. નવાણું અંશ શકિત તેને ખાણમાંથી કાઢીને એંજીન સુધી પહોંચાડવામાં નષ્ટ થઈ જાય છે. અર્થાત્ એક પણ કોલસામાં જેટલી પ્રકાશક શકિત હોય છે તેનો કેવળ સોમો ભાગ કામમાં આવે છે, અને બાકી સર્વ વ્યર્થ નષ્ટ થઇ જાય છે.

ઘણું કરીને એજ સ્થિતિ મનુષ્યની શકિતની પણ હોય છે. તેનો ઘણો મોટો ભાગ વ્યર્થ નષ્ટ થાય છે અને ઘણો થોડો ભાગ કામમાં આવે છે. જ્યારે કોઇ યુવક પહેલવહેલો સંસારમાં પ્રવેશ કરે છે ત્યારે તેનામાં ઘણું જ બળ, ઘણોજ ઉત્સાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય છે. તે સમયે એ એમ સમજે છે કે સંસારમાં એક પણ કાર્ય એવું નથી કે જે પોતે ન કરી શકે. તે માને છે કે મારામાં અનન્ત શકિત રહેલી છે. પરંતુ સંસારમાં પ્રવેશ કરતાંવેંત તેની શકિતનો ખરાબ રીતે નાશ થવા લાગે છે. યુવકોના સમય અને શકિતનો નાશ કેટલા રૂપોમાં અને કેટલો વધારે થાય છે તેનું વર્ણન આપવું અશકય છે. પરંતુ જરા વિચાર કરવાથી તેનો સારો ખ્યાલ આવી શકે છે. જે યુવક પહેલાં પોતાની જાતને અથાગ શકિત સંપન્ન માનતો હતો તે અમુક દિવસો પછી પોતાની જાતને બિલ્કુલ અશકત માનવા લાગે છે. શકિતના આ હ્રાસનું કારણ એ નથી કે તેનો ઉપયોગ થઈ ગયો, પણ એ કારણ છે કે તેનો દુરૂપયોગ અને નાશ થઇ ગયો. મૂર્ખતા અથવા અજ્ઞાનતાને કારણે એ શકિતનો નાશ કરીને લાખો મનુષ્યો પૃથ્વીના ભારરૂપ બની ગયા અને દિનપ્રતિદિન બની રહ્યા છે.

સંપત્તિના નાશ કરતાં પણ એ સંજીવની શકિતનો નાશ અનેકગણો ખરાબ છે. કેમકે નષ્ટ થયેલ સંપત્તિ કોઈપણ પ્રકારે ફરી પ્રાપ્ત થઇ શકે છે, પરંતુ નષ્ટ થયેલી શારીરિક શકિત ફરી પ્રાપ્ત કરી શકાતી નથી તેમજ સમાજ ઉપર તેનો જે દુષ્ટ પ્રભાવ પડે છે તેનો કશો પ્રતિકાર પણ થઇ શકતો નથી.

સંસારમાં જેટલા ખરાબ અથવા નિરર્થક કાર્યો છે તેનાથી જ આપણી શકિતનો નાશ થાય છે. એ નાશ આપણે જાણીબુઝીને જ કરીએ છીએ અને જો આપણે તેનાથી બચવા ઇચ્છીએ તો તેના બદલામાં આપણને આપોઆપ ઘણોજ લાભ થઇ શકે છે. એક સમર્થ ડોકટરનું કહેવું છે કે સાધારણ રીતે કોઇ કાર્યમાં જેટલી શકિત લગાડવાની આવશ્યકતા હોય છે તેનાથી દશગણી શકિત મનુષ્ય તેમાં લગાડે છે. ઘણો લોકો હાથમાં એક કલમ પકડવામાં પણ એટલું જોર વાપરે છે કે જાણે તેઓએ હાથમાં મગદળ લીધું હોય એમ લાગે છે. પોતાના દસ્કત કરવામાં કેટલાક એટલું જોર વાપરે છે કે જેટલું જોર એક મોટો પત્થર દૂર ફેંકવામાં વાપરવું જોઈએ. એક ડોકટરનું એવું માનવું છે કે સોએ એક માણસ પણ ભાગ્યેજ એવો નિકળશે કે જે પોતાના અંગોથી ઠીક ઠીક કામ લેવાનું અને તેને આરામ આપવાનું જાણતો હોય. એવી જ રીતે એક ડોકટરનું મંતવ્ય છે કે લોકો સાધારણ રીતે જેટલું ભોજન કરે છે તેના એક તૃતીયાંશ ભાગથી જ તેઓનાં શરીરનું સારી રીતે પોષણ થઇ શકે છે. જો બે તૃતીયાંશ ભોજન તજી દેવામાં આવે તો તેને લઇને તેનાં શારીરિક બળનો હ્રાસ નહિ થાય, પણ ઉલ્ટું હમેશાં થનાર રોગો ઓછા થશે.

ઘણા યુવકો જરાવાર ઉભા રહેવાથી, સ્હેજ ચાલવાથી અથવા એકાદ કામ કરવાથી થાકી જાય છે, આનું કારણ પણ શારીરિક શકિતનો નાશ જ છે, પરંતુ જે મનુષ્યની શકિતનો ફોકટ નાશ નથી થતો તે મોટાં મોટાં કઠિન અને પરિશ્રમના કાર્યો કરીને પણ થાકતો નથી. સાધારણ રીતે યુવકોને દિવસ ઉગતાં જ સુસ્તી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને થાક જણાય છે અને તે દૂર કરવા માટે કોઇ ઉત્તેજક પદાર્થનો ઉપયોગ કરવો પડે છે. શરીર ઉપર એ વસ્તુઓની અસર પ્રથમતો ઉત્તેજક માલુમ પડે છે, પરંતુ પાછળથી તે વસ્તુઓ મનુષ્યને વિશેષ શિથિલ કરી મુકે છે. અને એ શિથિલતા આગળ ઉપર ખરાબ કાર્યો કરવાના, તેમજ અનેક પ્રકારના દોષો કરવાના કારણરૂપ બને છે. કોઈ દિવસ રાત્રિને સમયે આપણે જરા વિચાર કરશું કે આજ આખા દિવસમાં મારી શકિતનો કેટલો નાશ થયો છે તો આપણને જરૂર આશ્ચર્ય થશે. આપણે કઇકની સાથે વ્યર્થ તકરાર કર્યો હશે, નકામી ચિંતાઓ કરી હશે, બીજાના દોષો જોવામાં અને ટીકા કરવામાં ઘણો સમય ગાળ્યો હશે તથા એવા પ્રકારના બીજા અનેક કામ કર્યા હશે કે જેને લઇને આપણી શકિતનો ફોકટ વ્યય થયો હશે અને શરીર બહુજ શ્રમિત થઈ ગયું હશે. શકિતના આ વ્યયનું પરિણામ એ આવે છે કે મનુષ્ય આત્મ-સંયમ કરી શકતો નથી, કર્તવ્ય પરાયણ રહી શકતો નથી, પોતાની મર્યાદાનું ધ્યાન રાખી શકતો નથી અને એવા પ્રકારનું કશું કામ નથી કરી શકતો કે જેનાથી મનુષ્યના ચારિત્રનું સંગઠન થઇ શકે છે.

કોઇપણ કાર્ય નિયમ વગર અવ્યવસ્થિત રીતે કરવાથી પણ શકિતનો નાશ થાય છે, કોઇ કાર્યને માટે પહેલાંથી જ બહુ ચિંતિત થવાથી પણ શકિત નષ્ટ થાય છે; એનું પરિણામ એ આવે છે કે જ્યારે એ કાર્ય આપણી સામે આવે છે ત્યારે આપણામાં તે કરવાની શકિત જણાતી નથી. ઘણાં કાર્યોમાં એકી સાથે હાથ નાંખવાથી પણ શકિતનો ઘણોજ હ્રાસ થાય છે. આપણા વિચારો બધા કામોમાં વ્હેંચાઇ જાય છે અને કોઇ એક કાર્ય ઉપર આપણું ધ્યાન પુરેપુરૂં રહી શકતું નથી. ઘણા લોકોની એવી ટેવ હોય છે કે તેઓ હંમેશાં ઘણી બાબતોનો વિચાર કરે છે, અને મનમાં અનેક જાતના તર્કવિતર્ક કરે છે. આવા લોકો પોતાના વિચારમાં દ્રઢ નથી રહેતા. તેઓની દ્રઢતાના એ અભાવનું કારણ પણ તેઓની શકિતનો હ્રાસજ છે. તેઓ એક પ્રકારની સ્વપ્નાવસ્થામાં જ રહે છે. તેઓના પગ જમીન ઉપર હોય છે, પરંતુ તેઓનું મન ઉંચે ફરતું હોય છે. હવે ઘણી બાબતો ઉપર વિચાર ન કરતાં શકિતનું રક્ષણ કરવામાં આવે અને તેનો ઉપયોગ કોઈ એકજ બાબતનો સારી રીતે વિચાર કરવામાં અથવા એકજ કાર્ય દ્રઢતાપૂર્વક કરવામાં આવે તો ઘણો જ લાભ થવા સંભવ છે. વીતેલી બાબતો માટે ચિંતા અને દુઃખ કરવાથી શકિતનો અપવ્યય થાય છે. મનુષ્યે હમેશાં પ્રત્યેક કાર્ય યથાસાધ્ય પરિશ્રમ અને ઉત્તમતાપૂર્વક કરવું જોઇએ અને જો તે કાર્યમાં કોઇ જાતની ત્રુટિ રહી જાય તો પહેલાં એ ત્રુટિનું કારણ શોધી કાઢવું જોઇએ, અને એ કારણ નિશ્ચિત થઇ જાય તો પછી એને માટે ભવિષ્યમાં હમેશાં સાવચેત રહેવું જોઇએ. દિવસ રાત તેની ચિંતામાં જ આપણી શારીરિક શકિતનો વ્યય કરી નાંખવો એ મૂર્ખાઇ ભરેલું છે. વીતી ગયેલી બાબતો યાદ કરી તેને માટે ચિંતા કરવાને બદલે ભવિષ્યને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે સારી બાબતોનો વિચાર કરવો જોઇએ. પ્રત્યેક કાર્ય કરવા પહેલાં મનુષ્યે એટલું વિચારી લેવું જોઇએ કે એ કાર્યનું પરિણામ કેટલે સુધી શુભ આવશે અને તેનાથી મારૂં પોતાનું તથા બીજાનું કેટલું હિત થઇ શકશે. માટે આપણે સંસારમાં રહીને કોઇ કાર્ય કરવા ઇચ્છતા હોઇએ તો આપણી શકિતનો ફોકટ નાશ ન થવા દેવો જોઇએ એ સિદ્ધાંત જો આપણે સારીપેઠે ધ્યાનમાં રાખશું તો આપણને કદિ પણ દુ:ખી, દરિદ્ર, વિફલ મનોરથ અથવા હતાશ થવાનો પ્રસંગ નહિ આવે એ નિર્વિવાદ છે.

ચાલુ

## પશ્ચાતાપ અને માફી !

( ગઝલ. )

પથારી પાપની ત્યાગી, પ્રભુજી આજ જાગું છું;
કષાયો ચારને બાળી, પ્રભુજી આજ જાગું છું. ૧
વિલાસો રાત દીન સેવી, ન ભાતું ભાવીનું બાંધ્યું;
હવે પસ્તાઉં હું પુરો, પ્રભુજી આજ જાગું છું. ૨
ન રાખ્યાં ટેક ને નીતી, વળી વિવેક ને વૃત્તિ;
ગુમાવ્યાં ધર્મને ગૌરવ, પ્રભુજી આજ જાગું છું. ૩
બન્યો તો પ્રેમનો કીડો, લીધીતી પ્રેમની દીક્ષા;
લપસતાં પ્રેમથી જ્યારે, પ્રભુજી આજ જાગું છું. ૪
વિષયમાં હું બન્યો ઘેલો, ન રાખ્યું ભાન દુનિઆનું;
જીવન ફિટકાર પામ્યું છે, પ્રભુજી આજ જાગું છું. ૫
જગત્ સમુદ્રમાં મૂકી, જુવાની નાવ મેં જ્યારે;
તરંગ કેરા ખરાબે ચૂર્ણ, પ્રભુજી આજ જાગું છું. ૬
નથી સત્કર્મ કેં કીધા, નથી કેં દાન તો દીધાં;
ન પોષ્યાં અન્ન વિનાને, પ્રભુજી આજ જાગું છું. ૭
કર્યાં કાળાં અને ધોળાં, ગણ્યા દુષ્કર્મને પ્યારાં;
પ્રપંચ કેરી પ્રવૃત્તિથી, પ્રભુજી આજ જાગું છું. ૮
હૃદય મ્હારૂં અરે બળતું, સળગતી હોળી હૈયાની;
દયાળુ માફ કરજે તું, પ્રભુજી આજ જાગું છું. ૯
અરજ મ્હારી હૃદય ધરજે, બૂરાં કાર્યો ને વિસરજે;
રહમ આ બાલ પર કરજે, પ્રભુજી આજ જાગું છું. ૧૦

લેખક—ઘેલાભાઇ પ્રાણલાલ શાહ. કલોલ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# તેજી ક્યારે થશે !

( લેખક:—મણિલાલ માણેકચંદ મહુધાવાળા )

નિદ્રા દેવીએ એવો શો ચમત્કાર કર્યો કે અખિલ **જૈન** આલમ કુંભકર્ણવત્ નિદ્રા ક્યારનીએ અનુભવે છે ! આ તો કોઇ અજબ અને ગજબ જાદુ હોય એવું ભાસે છે. જ્યારે સારી સમસ્ત આલમ નિદ્રાદેવીનું શરણુ છોડી નવી નવી પ્રવૃત્તિઓ યોજી, તેમાં પરોવાઇ જઇ કંઇ નવનવા આશા ભર્યા સુકાર્ય અને પ્રગતિ કરી રહી છે ત્યારે આપણું **જૈન** જગત નિરાશારૂપી અંધકારમાં ઝંપલાઇ જઇ નિશ્ચિંત ઘોર્યા કરે છે; આશા અને સૌભાગ્યનો સૂર્ય આફત આભલામાં ડુલી જઇ તેનાં આશાભર્યાં પચરંગી કિરણુ જાણે લોલુપ્ત થઇ ન ગયાં હોય તેમ જણાય છે, તેનો પડછો કોઇ વખતેજ થાય છે. ધન્ય છે નિંદ્રાદેવી ! તારી કૃપા, તેની નિરાશા અને તોફાનને !

પ્રાચીન કાળની જલવંત જાહોજલાલી અને અર્વાચીન સમયની અધોગતિ ! કેટલો ફેરફાર ! છે તો આસમાન અને જમીન જેટલો ! ક્યાં વસ્તુપાળ, તેજપાળ, ભામાશા, શાલિભદ્ર, કુમારપાળ, હેમચંદ્રાચાર્ય, અન્ય મહર્ષિ, જૈન અને જૈનેતર જનતા, અને પુનિતતમ ધર્મ સુપ્રેમે પૂજનારા પૂજનીય નરેશો; અને નવનવાં પુસ્તકોમાં જૈન ધર્મ અને તેના મહાન પુરૂષો વિરૂદ્ધ અને અનુચિત લખી ઉત્કૃષ્ટ ધર્મ વખોડી કાઢી હાંસીપાત્ર બનાવનાર જૈનેતર સાક્ષરો—લેખકો અને પવિત્ર તીર્થોની શાંતિપૂર્વક યાત્રાનો લાભ લેતી સમાજની આડે આવનાર રાજ્યો ! ક્યાં આપણી તવંગરતા અને ક્યાં હાલની ધીમે ધીમે થતી કંગાલ સ્થિતિ ! ક્યાં આપણા પ્રાચીન રાજશૂરા, રણશૂરા, ધર્મશૂરા, દેશશૂરા, વ્યાપારશૂરા, અને કેળવણીશૂરા, શ્રાવક અને શ્રાવિકાઓ અને ક્યાં આજની સર્વ પ્રવૃત્તિઓમાં મંદતા અને કફોડી દશા ! ક્યાં તે સમયની ઉભરાતી જૈન વસ્તી અને ક્યાં ધીમે ધીમે ઘટતી જતી હાલની જૈન આલમ ! ક્યાં પ્રથમની સંપેલ, પ્રેમાળ, પરોપકારી, દાનશીલ, પ્રભાવશાળી, વૈભવશાળી, મર્યાદિત, લજ્જાળુ, દૃઢ નિષ્ઠાવાળી અને આશાની ઉર્મિઓથી ઉભરાતી જૈન કોમ અને ક્યાં આજની કુસંપી, કુધારે ચઢેલી, કજીયાખોર, કનિષ્ઠ વૃત્તિઓવાળી, મતભેદી અને અમર્યાદિત જૈન જનતા ! આનું નામજ જમાનાનો ચાળો ! આ અવસર્પિણી કાળનું એક નમુનેદાર જોવા લાયક દૃશ્ય !

બસ મંદી, મંદી, મંદી, સર્વ વાતે મંદી. તેજી ક્યારે થશે ? ક્યારે જૈન હરણ મટી હંસ થશે અને સુખસાગરનાં મુક્તાફળ નિશ્ચિત ચરશે ? તેજી ત્યારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થશે અને સુખસાગરનાં સાચાં મોતી ત્યારે ચાખશે કે જ્યારે જૈન જગત સંપૂર્ણ કેળવાશે, કલહ, કુધારા, કુસંપ, કનિષ્ઠ વૃત્તિ, નિદ્રા, નિરાશા અને ઇર્ષ્યાનું જડમૂળ જશે; ત્યારેજ દુઃખના દરિઆ શોષાઈ જશે, આ સંસારની વિકાસવેલી નવપલ્લવિત થશે અને આત્માનંદ પ્રકાશ પામશે. કેળવણીનો સમાવેશ મોટી મોટી પદવીઓ અને ડીગ્રીઓ પામ્યામાં નથી પણ કેળવણી એટલે સ્વતંત્રતા, સ્વાધિનતા અને મોક્ષજ. કહ્યું છે કે:—

"કેળવણીથી જો સ્વતંત્રતા, સ્વાધીનતા અને મોક્ષ ન મળે તો તે કેળવણી નકામી છે." આ પ્રમાણે કેળવણી એજ સર્વસ્વ છે; તેજી માટે અમોલી દિવ્ય ચાવી છે !

અસ્તુ !

## પ્રશ્નોત્તર.

નીચેના પ્રશ્નનો ખુલાસો ગણિતાનુયોગનું ખાસ જ્ઞાન ધરાવનાર કોઇ મહાશય શાસ્ત્રાધારે આપે તેવી નીચે સહી કરનારા વિનંતિ કરે છે.

૧ પૃથ્વી દડાની માફક ગોળ છે અને તે ફરે છે તેમ હાલના ભૂગોળના વિદ્વાનો દાખલા દલીલોથી સિદ્ધ કરી બતાવે છે, જ્યારે આપણા જૈન શાસ્ત્રોના અંગે પૃથ્વી થાળીના આકારે ગોળ છે અને તે સ્થિર છે. સૂર્ય, ચંદ્ર વીગેરે ફરે છે, જંબુદ્વીપનો એક ભાગ જે ભરતક્ષેત્ર છે ( હાલ જે પૃથ્વી જાણમાં છે તે ભરત ક્ષેત્રમાં આવી જાય છે. ) તેમાંજ સૂર્ય ઉદય થાય ત્યારે આખા ભરતક્ષેત્રમાં પ્રકાશ એક સાથે અને એક સરખો પડવો જોઇએ, પરંતુ તેમ થતું નથી કલકત્તામાં સૂર્ય ૬ વાગે ઉગે તો મુંબઇમાં ૭ વાગે ઉગે છે, વિલાયતમાં ચાર પાંચ કલાક પછી ઉગે છે અને અમેરીકામાં ૧૨ કલાક જેટલો ફેર પડે છે તો તેનું શું કારણ ? આ હિસાબે તો પ્રથ્વી ગોળ દડા જેવીજ હોય તોજ આટલો ફેર ટાઇમમાં પડે. તેમજ નોરવેમાં બબે મહીનાનો દીવસ અને બબે મહીનાની રાત હોય છે તો તે સંબંધમાં શું સમજવું ?

૨ પૃથ્વી પ્રદિક્ષણા કરવામાં જે સ્થળેથી માણસ નીકળે છે અને એકજ દિશામાં પ્રયાણ કરે છે તો અંતે તેજ સ્થળે આવી પહોંચે છે તો તે પણ ગોળ દડા જેવી હોય તોજ થઇ શકે ?

લી૦

મ. હા. શાહ—કલકત્તા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# " શીકારીને "

ભુલાયે શી રીતે, કુદરત તણી દિવ્ય કૃતી કે ?
અહા ! શાંતિ કેવી, પ્રસરી રહી આ નિર્જન વને.
વહે છે બાજુએ, મધુર જળની શુદ્ધ સરિતા;
કિનારે તેના કૈં, જન જઇ સૌ શ્રમ હરતા.
દીસે આનંદે અહિં, વનચર તણા યુથ ફરતાં;
કુદે દોડે ટોળે, નિર્ભય રહી ગેલ કરતાં.
અહા કેવાં રમ્ય ! સુખકર દિસે દૃશ્ય સઘળાં;
મળે શાન્તિ ઉરે, કુદરત તણાં ગુણ ગણતાં.
**શીકારે** આવીને, ક્રૂર જનકો મોઝ ગણતાં;
બિચારાં ભોળાં એ, વનચર તણાં પ્રાણ હણતાં.
દયા હત્યારાને, મન નથી જરી નિર્બળ તણી;
નથી સ્નેહિ એતો, કુદરત તણો દુશ્મન નક્કી.
શીકારી શી આશે ! નિર્દય થઈ પ્રાણ હણતો;
નથી સત્તા તારી, સજીવન કરે પ્રાણ પરનો.
પડયું સામે જોતું, તુજ વદન એ સ્મિત કરતું;
દયાની દૃષ્ટીએ, નીરખી પછી એ પ્રાણ તજતું.
તને સંબોધે એ, " જીવન જગમાં આમ હણતાં;
દયા ના રાખે, શું ! મનુષ્ય હૃદયે પત્થર ઘડ્યાં ! "
દયા પ્રેરી દેવા, જન હૃદયમાં વાસ કરજે;
વધે શાન્તિ વિશ્વે, નિર્ભય બને પ્રાણી સઘળે.

ઝવેરી કલ્યાણચંદ કેશવલાલ—વડોદરા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મૃત્યુ.

## ( તેનો ડર કેવા પુરૂષોને ન હોય ? )

જગતની દૃષ્ટિએ મૃત્યુનો વિષય આનંદજનક છે કે શોકજનક છે તેની કલ્પના કરી શકાય નહિ. તે તો અનુભવીઓ જાણે અને અનુભવથી સમજાય.

જગતની જનતાની કોઇપણ સંજોગોમાં સ્વાર્થવૃત્તિ સરી પડતી હોય છે, ત્યારે તેઓ આક્રંદ કરી મૂકે છે. મા, બાપ, સ્ત્રી, બ્હેન, બંધુ અને સંસારમાં મનાતો પરિવાર વિગેરે આપ્તજનોના આક્રંદમાં શું રહસ્ય સમાયું છે ? તેમજ કયો વિચાર અખત્યાર કરી ગ્લાનિભાવ દર્શાવે છે ? તે જાણવા ઈચ્છીશું તો તેનો સ્ફોટ થતાં આપણને નરી સ્વાર્થની જ વાસ આવશે. તેમની ઉન્નતિ કરનાર, તેમનું પાલન પોષણ કરનાર આત્મા જ્યારે લય થાય છે, ત્યારે " હવે મ્હારૂં શું થશે ! " તેવા પ્રકારનો દરેક વ્યક્તિ મનોગત વિચાર કરે છે અને તે તે વ્યક્તિઓ જાણે પોતે આ વિશાળ સંસારમાં એકલી–અટુલી ન હોય તેવા ભાવોનું સેવન કરતાં ભયભ્રાંત થાય છે અને છેવટે આક્રંદનું શરણ સ્વીકારે છે; પરંતુ જ્યારે ઉક્ત વ્યકિતઓનો સ્વાર્થ સ્પષ્ટ તરવરતો દૃષ્ટિગોચર થાય છે, એટલે કે કોઇના મૃત્યુથી દરેકને જુદી જુદી રીતે લાભ મળવાનો હોય છે ( વારસો, લેણું, કપડાં, મીષ્ટાન્ન વિ૦ ) ત્યારે આનંદના અતિરેકથી તાંડવનૃત્ય કરવા મંડી જાય છે, જો કે નૃત્ય કરવાનું જીવનના છેડે પહોંચેલા બુઝર્ગોને પાલવી શકતું નથી, પણ તેઓની સ્વાર્થ, પાશવવૃત્તિ સત્તાના બળથી નૃત્ય કરાવે છે, એટલે જગતની દૃષ્ટિએ મૃત્યુનો વિષય આનંદજનક કે શોકજનક ગમે તેમ ઇચ્છાનુસાર મનાતો હોય; પરંતુ ' મૃત્યુ ' સંબંધી જ આ લેખ હોઈ ' મૃત્યુ ' એટલે શું તેની કંઇક અંશે ઝાંખી કરાવવી તેજ લેખકનો ક્ષુદ્ર પ્રયત્ન છે.

જે મનુષ્યોને જીવતાં આવડયું તેને મરતાં આવડે છે, જેને મરતાં આવડે છે તેજ જીવી જાણે છે. જન્મ જન્ય મૃત્યુ છે.

મૃત્યુ એ જીંદગીના અંતિમ ભાગનો સમય છે; જેમ ત્રાંબાના કાણાં-વાળાં નિરૂપયોગી વાસણને નવીન સ્વરૂપ આપવા માટે કારીગર તેને ઓગાળી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાંખે છે, એટલે જ્યારે પૂર્વ સ્થિતિનો પલ્ટો કરે છે–કરવો પડે છે ત્યારે જ નવીનતામાં યોજી શકાય છે; તેમ મનુષ્યોને બીજો અવતાર ધરવાનો કુદરતી નિયમ શરૂ થતાં જ પૂર્વસ્થિતિનું રૂપાંતર થાય છે. જેમ ત્રાંબાનું અગ્નિથી ઓગળી જઇ ભિન્ન સ્વરૂપે બ્હાર પડવું તેવી જ રીતે મૃત્યુથી પ્રથમ દેહનો લય થાય છે અને તરત ભિન્ન સ્વરૂપે બીજો અવતાર ધારણ કરે છે. ત્રાંબાનું પરિવર્ત્તન અગ્નિને આભારી છે, તેમ કોઇપણ પ્રાણીના વર્તમાન અવતારનું પરિવર્તન મૃત્યુને જ આભારી છે. ત્રાંબું જલદ ભઠ્ઠીમાં ખદખદ ઉકળે છે અને પ્રતિસમયે તેનો પલ્ટો થયા કરે છે, પરંતુ તેમાં કારીગરને આનંદજ છે. કારીગર એમ સમજે છે કે ત્રાંબાનો જ્યારે એકરસ થશે ત્યારે જ તેનું નવું વાસણ ઘડી શકાશે, તેથી નિશ્ચયથી માનવું પડશે કે મૃત્યુ થયા સિવાય બીજો અવતાર લઇ શકાશે નહિ અને કુદરતનો સંકેત બીજો અવતાર લેવાનો થશે ત્યારે નવીન અવતાર લેવોજ પડશે. ત્રાંબા માટે કારીગરને આનંદ છે તેમ મૃત્યુ માટે પ્રત્યેકને આનંદ હોવો જોઇએ; કિન્તુ પ્રથમ નિર્દેશ કર્યા પ્રમાણે સ્વાર્થીવૃત્તિએ આનન્દ માનવાનો નથી. પોતાના મૃત્યુથી બીજાને આનંદ થાય કે શોક થાય તે વિષય અલગ છે. પ્રચલિત રૂઢિઓ કેવા પ્રકારની સમાજમાં અસ્તિત્ત્વ ધરાવે છે ( રૂઢિઓ મનુષ્યવૃત્તિઓની છાયા છે) તેનું દિગ્દર્શન કરાવવા પુરતું જ પહેલા પેરેગ્રાફમાં વિષય ચર્ચ્યો છે. બાકી આ વિષય સ્વયં પોતાના–દરેકના પોતાના માટેજ સમજવાનો છે.

મૃત્યુ એ એક બદલાતી જીંદગીનું ચિન્હ છે યા પરિવર્ત્તન છે, જે મૃત્યુને સહર્ષ ભેટે છે અગર તો જેને મૃત્યુનો લેશમાત્ર ભય નથી, તેવા ભડવીર આત્માઓ કુટુંબની, દેશની તેમજ જગત્‌ભરની સેવા ઉઠાવી શકે છે, ધર્મને વિશેષ જ્વલંત રાખે છે, સમાજમાં ચેતના પ્રગટાવે છે, કોઇ સાહસિક મહાન્ કાર્યો તેને અલભ્ય નથી; પરંતુ મૃત્યુથી ભયભ્રાંત થનાર કાયર જીવો એક પણ સાહસિક કાર્ય કરી શકતા નથી. કોઇપણ કાર્ય કરતી વખતે તેને મુખ્યત્વે એજ પ્રશ્ન ઉદ્‌ભવે છે કે " આ કાર્યમાં કદાચ મ્હારૂં મૃત્યુ થશે તો ? " મ્હારી, મ્હારા સગાંસમૂહની શી દશા થશે ? મ્હારા વિના કેટલા મરી ફીટશે ? પરંતુ આ માત્ર કલ્પનાઓ અને તેને ભ્રમમૂલક આશા વળગી રહી છે. આ દુનિઆમાં કોણ કોનું છે ? અગર તો કોને કોની પડી છે ? સગો ધણી મરી જવા છતાં તે સ્ત્રી બાર મહિના જેટલા ટુંક સમય પછી દુનિઆના અન્ય સ્વચ્છંદોમાં પડી જાય છે. (સ્વચ્છંદ–સારૂં ખાવું સારૂં પહેરવું વિ૦ ) તો પછી બીજા સગાઓના સ્નેહની ગણત્રી કેટલી ? પરાયા મુખથી મૃત્યુ વિષયના બહિર્ગત થતા શબ્દો સાંભળી કાયર જીવોના કપાળ ઉપર ભયની રેખાઓ અને સ્વેદાંબુઓ ઉપસી આવે છે, પરંતુ તેઓને માલુમ નથી કે જે શરીર ઉપર, લક્ષ્મી કુટુંબ પરિવાર ઉપર ત્હારો અચળ વિશ્વાસ અને મોહ છે તે અંતે ત્હારાં નથી. તું તારી ઇચ્છાપૂર્વક તેમને ત્યજીશ નહિ તો કુદરત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તારી પાસેથી બળાત્કારે છોડાવશે. શરીર તો દગો દેતું આવ્યું છે અને દે છે, લક્ષ્મી કોઇની થઇ નથી અને થવાની નથી. આજ તારી પાસે છે કિન્તુ આવતી કાલના સૂર્યોદયે તેનો માલીક બીજોજ હશે. પોતાની સંપૂર્ણ ઇચ્છાથી નહિ છોડે તો કુદરતની નિયંત્રણાનુસાર આસુરી સત્તા પ્રાયે છોડાવશે તો પછી તેવા અનિશ્ચિત અને અશાશ્વત સુખોમાં મૂર્છા રાખી અને તેથી મૃત્યુનો ભય રાખી શામાટે મનુષ્યત્વ ગુમાવવું ?

જેમ આપણે મેલાં થએલાં વસ્ત્રો બદલીને ધોયેલાં વસ્ત્રો પહેરીએ છીએ, જેમ નાટકની રંગભૂમિ ઉપર કામ કરતો એકટર એક વખત રાજાના સ્વાંગમાં દેખાય છે, જ્યારે થોડી ક્ષણ પછી તેજ એકટર બીજા પ્રવેશમાં ભિક્ષાપાત્ર સાથે ભિક્ષુકના પોષાકમાં દ્રષ્ટિગોચર થાય છે. એકટરનો આત્મા એકજ છે પણ તેનું પરિવર્તન ભિન્ન ભિન્ન સ્વરૂપે પરિણમે છે, તેમ મૃત્યુ આપણને માત્ર નવીન વેશ લેવરાવે છે. આ વિષય પરત્વે એક સ્થળે જણાવવામાં આવ્યું છે કે,

" જો મરણ એ જીંદગીની છે અરે છેલ્લી દશા;
તો પરાર્થે અર્પવામાં આ જીવનના મોહ શા ?" ( રા' માંડલીક )

અર્થાત્—મૃત્યુ જો વર્તમાન જીવનની છેલ્લીજ દશા હોય તો પરોપકાર કરવામાં, અન્યનું રક્ષણ કરવામાં આપણા પ્રાણની આહુતિ આપવામાં જીંદગીનો મોહ શા કામનો ? અને મૃત્યુનો ભય શા કામનો ?

અને ભય રાખવાથી કંઇ બચી શકાય તેમ છે ? જંગલમાં યા વસ્તીમાં, યુવાનીમાં યા વૃદ્ધાવસ્થામાં પણ ક્યારેય મૃત્યુ કોઇને છોડે છે તે છોડશે ? કોઇપણ પ્રકારેથી મૃત્યુ જો પાછું જતું હોય તો ભલે તેની પાછળ તમારી સમસ્ત શકિત-વેડફો. ચક્રવર્તી અને રંક ભીખારી એક સરખી રીતે મૃત્યુના ગ્રાસ થાય છે.

જેમ જે પુષ્પો ખીલ્યાં છે તે અવશ્ય કરમાવાનાં છે. જે સમુદ્રમાં ભરતીનો જુવાળ ચડે છે તેની ઓટ અવશ્ય છે જ. તેમ જેનો જન્મ થયો છે, તેને અવશ્ય લય પામવાનું છે અને તે ' એક અને એક બે ' ના જેવી સીધી બાબત છે. ભય પામી ભાગી જવા છતાં મૃત્યુ તો ગમે ત્યાંથી ખોળી કાઢશે.

જ્યારે મનુષ્ય અનેક ત્રિવિધ તાપથી દગ્ધ થએલ પ્રાણીઓને શાંત કરવા પોતાનો જીવન પ્રવાહ ઠલવે છે ત્યારે તેને કુદરતી અનેરી શાંતિ અને દૈવી આનંદ કે જે શાંતિ અને આનંદની પૂર્વે ઝાંખી પણ થઈ નહિ હોય, તે પ્રકારની કુદરતના ગર્ભાગારમાંથી પ્રાપ્ત થાય છે. ચોરીના આરોપસર શક પડતા ગમે તેટલા મનુષ્યોને ન્યાયની અદાલતે ઉભા રાખવામાં આવે તદપિ જેણે ચૌરકાર્ય કર્યું નથી તે તો સર્વથા નિશ્ચિતજ છે; તેમ જેણે ઇશ્વરની કૃતિઓ સન્મુખ સ્થિર મન રાખી, ચિત્તનાં આંદોલનોનો ઉપશમ કરી, અન્યના અવલંબન સિવાય પોતાનો અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજાનો ઉત્કર્ષ સાધ્યો છે તે મૃત્યુથી સર્વથા નિશ્ચિત છે અને જ્યારે તેવી નિશ્ચિતતા પ્રાપ્ત થાય છે ત્યારે તેના દીલ દરીઆમાં ઉછળતાં મોજા એકદમ વિલીન થઈ જાય છે અને ત્યારપછી તેના હૃદયમાં કેવી ઉચ્ચ ભાવનાઓ પોષાય છે.

" જગત મરણસે ડરત હૈ, મુજ મન હૈ આનંદ
કબ મરણાં કબ ભેટસાં, પુરણ પરમાનંદ "

**ભાવાર્થ**—જગતના મનુષ્યો મૃત્યુના નામ માત્રથી ભયભ્રાંત થઇ જાય છે, તેઓનાં ગાત્રો શિથિલ થઇ જાય છે. અને નાસભાગ કરે છે પણ મ્હને તો ગમે તેવા સંજોગોમાં મૃત્યુ આવે તેની મને પરવા નથી. હું તો તેજ દિવસની ઉજવલ દિવસની માર્ગ પ્રતીક્ષા કરી રહ્યો છું કે કયારે મૃત્યુ આવે અને મુક્તિ પામું.

ટુંકમાં જેણે સદાચાર સેવ્યા છે, નરભવની અત્યુત્તમ ઉપયોગિતા સાધી છે, જીવન નૌકાને મોહજન્ય ખરાબે નહિ ચઢાવતા યથાસ્થિત કિનારે પહોંચાડી છે, તેને નથી મૃત્યુનો ભય, ! નથી સાક્ષાત્ યમદેવનો ભય. ! ' ચોરના પગ કાચા ' એ ઉક્તિવત્ જેને પરલોકમાં દુ:ખ ભોગવવાની કલ્પના થઇ છે તેને મૃત્યુ માત્ર દુ:ખદાયી, ભયવાહી થઇ પડે છે.

મૃત્યુના વિષયથી ખેદ પામવાનું યા રાચવાનું પ્રયોજન નથી. જો કે ખેદ પામવો અને રાચવું ઉભય વિષયો મનુષ્યોના વર્તન ઉપર અવલંબેલા છે. મૃત્યુને પાર પહોંચેલા પુરૂષો નર–સિંહ સમ બની નિડરતાથી અનેક પ્રકારના કાર્યો કરી રહ્યા છે. તેજ પુરૂષો ધર્મને પણ ટકાવી રાખે છે, અને મૃત્યુથી તેઓ ડરનારા હોતા નથી.

મૃત્યુના નામથી ભય પામવો ન પડે. તેવું વર્ત્તન, તેવા વિચાર, આચાર જગતના મનુષ્યો રાખે, સ્વકર્તવ્યથી જાણીતા થાય અને પરોપકાર વૃત્તિનું નિરંતર આહ્વાહન કરે તેજ અંતરેચ્છા.

**લેખક—ઘેલાભાઇ પ્રાણલાલ શાહ, કલોલ.**

# સુધારો.

૧ ગયા અંકના પાના ૨૬૪ માં મહાવીર જયંતીના વર્તમાન સમાચારમાં ચૈત્ર શુદ ૧૩ બુધવાર છપાયેલ છે તેને બદલે ચૈત્ર શુદ ૧૩ ગુરૂવાર સમજવો.

૨ અમારા "તરફથી છપાએલ જૈન પંચાંગમાં ચૈત્ર માસના શુકલપક્ષમાં બે તેરસ હોવાથી બીજી શુદ ૧૩ મહાવીર જયંતી" એમ છપાયેલ છે, પરંતુ પ્રથમ શુદ ૧૩ ના રોજ ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર હોવાથી પ્રભુ મહાવીરના જન્મ વખતે તે નક્ષત્ર હોવા સબબે પહેલી શુદ ૧૩ ના રોજ જયંતી ઉજવાયેલ છે જેથી ત્યાં પણ પ્રથમ સુદ ૧૩ ગુરૂવાર શ્રી મહાવીર જયંતી એમ સમજવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ઉંપદેશક પદ.

રાગ—હોરી.

અકલ તેરી સકલ ગમાઈ........
વિષયાંતર મત જા ભાઈ...... અકલ...
રસના મીલી તોહે ગુણિ ગુણ ગાવન,
તાકો કતરણી બનાઇ,
ગુણિ જન કે ગુણુ કટની માની
નિજ ગુણુ ચીરની ચલાઇ........ અકલ....
ગુરૂ હિતકારી બચન સુનનકો,
કરણુ સમર્પણુ ભાઈ,
વે ગુરૂ વચન સુનત નહી પાપી,
ગંદીલ વાણી સુહાઇ............ અકલ....
પ્રભુ નીરખનકો નયન દિયો હે,
જનતા સમતા દાઇ,
દુઃખિ જન દેખી સુખી કર દેના,
જીવન ભર લે કમાઇ........ અકલ....
કાચી કાયા ચર્મ જડી મઢીયા,
હાડ રૂધિર સું ચીનાઇ,
દાન દયા અરૂ તપ જપ કરણી,
કર લે અવસર પાઈ........... અકલ....
ભવોદધિ પાર ઉતારા ઉનકા,
ગુરૂ ગમ જીસને પાઈ,
આતમરામ ગુરૂરાજ હમારા,
કાંતિ કલા મીલી આઈ........ ...
અકલ તેરી સકલ ગમાઈ........ વિષયાંતર....

લીંબડી—પુરીબાઇ ધર્મશાળા
વૈશાખ સુદિ પંચમી...

પૂજ્ય પ્રવર્ત્તકજી મહારાજ
શ્રી કાંતિવિજયજી મહારાજ:

આ પદ પ્રકટ કરવા માટે રા. મનસુખલાલ ડાહ્યાભાઇ વઢવાણુવાળાએ મોકલેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રકીર્ણ.

પૂર્વાચાર્ય મહાન્ પુરૂષોએ આપણા માટે મુકી ગયેલ અપૂર્વ ગ્રંથોનો અમૂલ્ય વારસો આપણે બેકાળજીથી સાચવી ન શકયા કહો, કે પ્રમાદથી રક્ષણ ન કરી શકયા કહો કે વસ્તુને ઓળખી ન શકયા, ગમે તે કહો પણ તેને લઇને હજારોની સંખ્યામાં તેવા અપૂર્વ હસ્ત લીખીત ગ્રંથો યુરોપીયન પ્રજા તેની કિંમત પારખી વિના મૂલ્યે–પાણીના મુલ્યે અને ઓછી મહેનતે તે આપણું ધન પોતાના દેશમાં લઇ ગયા, કે જ્યાંની લાઇબ્રેરીમાં ગૌરવ ભરી રીતે બિરાજે છે અને રક્ષણ થાય છે, તેમ હિંદુસ્તાનમાં પણ તેવીજ સરકારી લાઇબ્રેરીમાં હજારોની સંખ્યામાં તેવા આપણા ગ્રંથો આપણા ભંડારોમાંથી ચાલ્યા જતાં ત્યાં રક્ષણ પામે છે. જૈન સમાજ શું આંખ ઉઘાડીને જોશે કે ? હવે બાકી રહેલ થોડો ઘણો સંગ્રહ પણ રક્ષણ કરી સાચવી શકશે કે ? આ કાળમાં જૈન સાહિત્યનું રક્ષણ કરવું–સાચવવું, ભવિષ્યમાં તે વધારે હૈયાતી ભોગવે તેમ તેના માટે પ્રબંધો કરવા. પ્રગટ કરવા જેવું અનેક ભાષાઓમાં સરલ રીતે બહાર મુકવાનો આજે પ્રસંગ છે. જૈન કોમે તે દિશા તરફ પોતાનું લક્ષ ખેંચવા અને તેને માટે પૈસાનો વ્યય કરવાની ખાસ જરૂર છે. આ બાબત માટે હાલમાં પુના શહેરમાં બિરાજમાન મુનિરાજ શ્રી દર્શનવિજયજી મહારાજે ત્યાંની ભાંડારકર ઇનસ્ટીટયુટમાં હસ્ત લીખીત પ્રતોનો મોટો સંગ્રહ છે તેની મુલાકાત લીધી હતી. જેને માટે તેઓ શ્રી નીચે મુજબ જણાવી જૈન સમાજનું ધ્યાન ખેંચે છે.

**મુલાકાતઃ**—આજે અમો મુનિ દર્શનવિજયજી વિગેરે સાધુઓ પૂનાના ભાંડારકર ઇન્સ્ટિટ્યૂટમાં ગયા હતા. ત્યાં લગભગ વીશ હજાર હસ્ત લીખીત પ્રતિઓનો સંગ્રહ જોયો. તેમાંથી જૈન ધર્મની હસ્ત લિખિત થોડીક પ્રતો પણ જોઇ હતી. આ સંસ્થામાં જૈન પ્રતો લગભગ પાંચ હજાર હોવા છતાં એ તરફ કાર્ય કરવા જૈનોનું હાલ સુધી દુર્લક્ષ છે. માટે હવે વિશેષ લક્ષ આપી ન છપાયેલા જૈન ગ્રંથો બનતા પ્રયાસે વિશેષ બહાર પાડવા પ્રયત્ન થવો જોઇએ વિગેરે મહારાજ સાહેબ જણાવે છે.

# વર્તમાન સમાચાર.

## અમદાવાદ શહેરમાં મહોત્સવ.

દાનવીર અને ધર્મનિષ્ઠ શેઠ શ્રી જમનાભાઇ ભગુભાઇના તરફથી તેઓશ્રીના ધર્મપત્ની માણેકબ્હેને વિંશતિ સ્થાનક, સૌભાગ્ય પંચમી શ્રી નવપદજી આદિ તપ કરેલો હોવાથી તે તપનો ઉદ્યાપન મહોત્સવ ( ૩૪ છોડનું ઉજમણું ) શ્રી સમવસરણની તથા શ્રીશત્રુંજય તીર્થની અલૌકીક સુંદર રચના, અઠ્ઠાઇ મહોત્સવ વગેરે સદ્દગત શેઠશ્રી જમનાભાઈ શેઠનો જે મનોરથ મુલતવી રહેલા તે ફલીભુત કરવાનું ઉત્તમ કાર્ય પોતાની પૂજ્ય કાકીશ્રી માણેક બ્હેન સાથે મળી શ્રીમાન્ શેઠ સાહેબ માણેકલાલભાઇ મનસુખભાઇએ આ માસની શુદ ૩ બુધવારથી હાથ ધર્યું છે એટલે ઉપરોકત મહોત્સવો શરૂ કર્યા છે. જેની આમંત્રણ પત્રિકા અમોને મળી છે. તે જોતાં પૂર્ણ ઉત્સાહ, ઉદારતા, અને શ્રદ્ધાપૂર્વક દેવગુરૂ જ્ઞાન અને ધર્મની ભક્તિ કરવાનું કાર્ય શરૂ થયું છે. જેથી શાસન પ્રભાવના થવા સાથે અનેક મનુષ્યો ભકિતનો અને અનુમોદનનો લાભ મેળવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ માંગલિક પ્રસંગ ઉપર આચાર્ય મહારાજ શ્રીવિજયનેમીસૂરીશ્વરજી તથા આચાર્યશ્રી વિજયદર્શનસૂરિજી તથા આચાર્ય શ્રી વિજયોદયસૂરિજી તથા આચાર્ય શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી તથા આચાર્ય શ્રી વિજયમેઘસૂરિજી તથા શાંતમૂર્તિ મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજ તથા પંન્યાસજી સંપતવિજયજી મહારાજ વગેરે મુનિ મહારાજાઓને વિનંતિ પૂર્વક આમંત્રણ કરેલ હોવાથી તત્ર બિરાજમાન છે, જેથી દેવભકિત સાથે ગુરૂભકિત અને દર્શનનો પણ સારો લાભ મળશે. શુદ ૧૧ ગુરૂવાર અષ્ટોતરી સ્નાત્ર તથા નવકારશી થયેલ છે. અને આઠે દિવસ વિવિધ પૂજાઓ આંગી રચના વગેરેથી ઉમંગપૂર્વક દેવભકિત કરવામાં આવેલ છે. શ્રદ્ધા અને ઉદારતાથી મળેલ લક્ષ્મીનો ધર્મ માર્ગે વ્યય થતો હોવાથી તે કરનાર પુણ્યાનુબંધિ પુણ્યબંધ કરે છે. અમો તેની અનુમોદના કરીયે છીયે.

## ઘાટકોપરમાં મુનિ મહારાજાઓનું આવાગમન.

મુંબઇ જેવા અતિ વ્યવસાયી શહેરમાં જ્યારથી મુનિ મહારાજાનું આવાગમન થવા લાગ્યું ત્યારથી ત્યાં વસ્તા જૈન બંધુઓ વગેરે ઉપદેશાદિનો લાભ લેવા લાગ્યા. કાંઈક ક્રિયાકાંડની પણ જાગ્રતી થતી ચાલી. હાલમાં તેજ રીતે તે શહેરને બદલે નજીકના પરાઓમાં રહેનાર જૈન બંધુઓ પણ વિદ્વાન મુનિરાજોના વ્યાખ્યાન આદિ લાભ લેવા પણ પ્રવૃત થતા જાય છે. જેથી કરીને હાલમાં ગયા માસની શુદ ૬ ના રોજ પૂજ્યપાદ જૈનાચાર્ય શ્રી વિજયવલ્લભ સૂરીશ્વરજીના વિદ્વાન શિષ્ય મુનિરાજ શ્રી વિબુધવિજયજી તથા મુનિરાજ શ્રી વિચક્ષણવિજયજી મહારાજ ઘાટકોપરના શ્રી સંઘની વિનંતિથી ત્યાં પધાર્યા છે. ત્યાંના સંઘે સામૈયું વિગેરેથી ભક્તિ કરી છે. ચાતુર્માસ પણ ત્યાંજ થવા સંભવ છે.

હાલમાં મુનિરાજશ્રી દર્શનવિજયજી, તથા મુનિરાજ શ્રી જ્ઞાનવિજયજી તથા મુનિરાજ શ્રી ન્યાયવિજયજી મુનિરાજો પુના શહેરમાં બિરાજમાન છે. જ્યાં ધર્મ પ્રભાવના થયા કરે છે. મહારાજશ્રીના ઉપદેશથી ગયા ચૈત્ર માસની પૂર્ણિમાના દિવસે શેઠ રામચંદ પુરૂષોતમદાસે મોટા દેવવંદનની વિધિનો સમારોહ કરાવ્યો હતો. ત્યાંના સંઘમાં આ દેવભક્તિનો પ્રસંગ પ્રથમ જ હોવાથી ત્યાંના શ્રી સંઘમાં અપૂર્વ ઉત્સાહ અને આનંદ વર્તાયો હતો. અને આ માંગલિક પ્રસંગની અનુમોદના સર્વ કોઇ કરે તે સ્વાભાવિક છે.

## સુરતમાં દીક્ષા મહોત્સવ.

પ્રાતઃસ્મરણીય આચાર્ય મહારાજ શ્રી વિજયકમળસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર આચાર્ય શ્રી વિજયલબ્ધિસૂરિજી મહારાજ હાલ સુરતમાં બિરાજમાન છે તેઓશ્રીના ઉપદેશથી નડીઆદ નિવાસી માસ્તર છગનલાલ ગુલાબચંદ તથા શાહ ચિમનલાલ નાથાલાલ ખેડાના બંને બંધુઓએ વૈશાક શુદ ૩ બુધવારને રોજ રાજીખુશીથી પ્રવજ્યા લીધી છે. અનુક્રમે મુનિરાજ શ્રી પ્રવિણવિજયજી તથા મુનિરાજ શ્રી ચિત્તવિજયજી નામો રાખવામાં આવેલ છે. આ મહોત્સવ અને સ્વર્ગવાસી આચાર્ય શ્રી વિજયકમળસૂરીશ્વરજીના કાળધર્મ પામ્યા તે નિમિત્તે ચૈત્ર વદી ૧૧ થી શુદ ૩ સુધી અઠ્ઠાઇ મહોત્સવ અને શુદ ૩ ના રોજ શાંતિસ્નાત્ર પણ ભણાવવામાં આવ્યુ હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વીકાર અને સમાલોચના.

**જૈનાગમ શબ્દ સંગ્રહ** ( અર્ધ-માગધી ગુજરાતી કોષ ) સ્થાનકવાસી જૈન સંપ્રદાયના વિદ્વાન અને શતાવધાની મુનિરાજ **શ્રી રત્નચંદ્રજી** સ્વામીએ તૈયાર કરેલો આ કોષ છે; જેમાં માગધી, સંસ્કૃત અને તેનો ગુજરાતી અર્થ એટલે ત્રણ ભાષામાં તેની રચના છે. ૪૯ જુદા જુદા આગમો તથા ગ્રંથોમાંથી શબ્દો લેવામાં આવ્યા છે કે જેમાં ૨૫૦૦૦) શબ્દો કરતાં વિશેષનો સંગ્રહ કરવામાં આવેલ છે. પ્રસ્તાવનામાં જણાવવામાં આવેલ છે કે બીજા મોટા કોષ ચાર ભાગમાં તૈયાર થાય છે. રચનાર મહાત્માનો પ્રયત્ન ધન્યવાદને પાત્ર છે અને માગધી ભાષા કે ગ્રંથના અભ્યાસી માટે એક ઉપયોગી સાધનનો વધારો આથી થયેલ છે. એમ જણાય છે. સંઘવી ગુલાબચંદ જશરાજ શ્રી લીંબડી નિવાસીની આર્થિક સહાયવડે તેમણે પ્રસિદ્ધ કરેલ છે. કિંમત રૂા. ૩-૮-૦ પૃષ્ટ ૮૧૮ જોતાં કિંમત યોગ્ય છે.

---

**સાધુ ગીતા**—લેખક અને પ્રકાશક પ્રભુદાસ અમૃતલાલ મહેતા કે જેઓ એક ઉછરતા, ઉત્સાહી, અને વિચારક યુવક છે. આ ગ્રંથના લેખક જણાવે છે કે પોતાની મુસાફરીમાં એક પ્રસંગે એક પવિત્ર મુનિવરના દર્શન થતાં તે પવિત્ર આત્માની આત્મશાંતિ અને ચારિત્ર ઉપર મુગ્ધ થતાં આ ગ્રંથ લખવાને તેઓ પ્રેરાતાં ગદ્ય પદ્યનો વિચાર ન કરતાં પોતાના આત્માને તે માટે જે સ્ફુર્યું તેની નોંધ રૂપે આ લઘુ ગ્રંથની રચના કરી છે. કેટલેક સ્થળે છાપવામાં અશુદ્ધિ રહેલી છે તે તેમજ પહેલેથી છેલ્લે સુધી તમામ પેજનાં લખાણમાં કોઇ ગદ્ય પદ્યનો નિયમ રહેલો નથી, તેના કરતાં તો છેવટ ગદ્યમાં પણ તે સંકળના પ્રગટ કરી હોત તો તે પોતાની સુંદરતામાં વધારો કરી શકત. તેથી તે બંને માટે હવે પછી બીજી આવૃતિ પ્રકટ થાય તો તે વખતે લેખક તે માટે યોગ્ય સુધારો કરશે તેમ જણાવવું યોગ્ય લાગે છે.

મળવાનું સ્થળ—

**શ્રી વિજયધર્મ લક્ષ્મી જ્ઞાનમંદિર. બેલનગંજ—આગરા. પ્રકટકર્ત્તા પાસેથી.**

**કિંમત આઠ આના.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો અગીઆરમો વાર્ષિક રીપોર્ટ ( જુન ૧૯૨૫ થી મે ૧૯૨૬ સુધી )** ક્રમે ક્રમે નમુનેદાર અનતી જતી આ સંસ્થાનો આ રીપોર્ટ કે જેમાં તેની તમામ પ્રકારની કાર્યવાહીનો સમાવેશ કરવામાં આવ્યો છે. મુંબઇ જેવા વ્યાપાર અને જાહોજલાલીવાળા કેન્દ્ર સ્થળમાં આવી સંસ્થાએ જૈન સમાજની જરૂરીયાત પુરી પાડવા સાથે સમાજની કેળવણીના કાર્યને ખરેખરી રીતે ઉત્તેજન આપ્યું છે. શ્રીયુત સેક્રેટરીઓ, ધાર્મિક માસ્તર અને કાર્યવાહી કમીટીના ઉત્સાહ અને ખંતથી દિવસાનુદિવસ તેની ઉન્નતિ થાય તે સ્વાભાવિક છે. મુંબઇ જેવા સ્થળમાં આ સંસ્થા હોવાથી મોટી રકમનો ખર્ચ થાય પરંતુ તેનો પુરેપુરો લાભ વિદ્યાર્થીઓના લાભાર્થેજ થતો હોવાથી અને યોગ્ય રીતે થતો હોવાથી વ્યાજમાંથી નિભાવવા પુરતું હજુ ફંડ નથી, જેથી કાયમ મદદ મેળવવાની જે અપેક્ષા રહે છે તે મુંબઈ જેવા શહેર માટે કે જૈન શ્રીમંતો યોગ્ય ન હોવાથી આ સંસ્થાને તે માટે યાચવું ન પડે તેમ જલદી થવા જરૂર છે, તેટલુંજ નહિં પણ અમે તો આગળ વધી તેમ કહેવા અને જોવા ઇચ્છીયે છીયે કે, તે ઉપરાંત જૈનકોમે વિશેષ મદદ આપી જેમ બને તેમ જલદીથી શ્રી મહાવીર જૈન કોલેજની સ્થાપના કરી જૈન સમાજનું ગૌરવ વધારવું જોઇએ. અમો સેક્રેટરીઓ અને કમીટીને નમ્ર સુચના અને ભલામણ કરીયે છીયે અને પુછીયે છીયે કે આ વિદ્યાલયને શ્રી મહાવીર જૈન કાલેજ ક્યારે બનાવો છો ? પરમાત્માને પ્રાર્થના કરીયે છીયે કે તે સુપ્રસંગ જલદી પ્રાપ્ત થાઓ. રીપોર્ટમાં બતાવેલ ઉપજ ખર્ચ, હિસાબ, વગેરે તમામ ચોખવટવાળા અને સુવ્યવસ્થિત છે.

---

શ્રી ગોધારી વીશાશ્રીમાળી જૈન દવાખાનું-મુંબઇનો સંવત ૧૯૮૨ ની સાલનો રીપોર્ટ મળ્યો છે. રીપોર્ટવાળા વર્ષમાં ૯૬૯૮ દરદીઓએ લાભ લીધો હતો. જેથી તેની ઉપયોગીતા કેટલી છે તે જણાઈ આવે છે. ફરી શરૂ થયાને આ દવાખાનાને ત્રીજું વર્ષ ચાલે છે; છતાં કાર્યવાહકોની ખંત અને લાગણી તેમજ જ્ઞાતિભાઇઓની અલ્પ સહાય છતાં તે વ્યવસ્થિત ચાલતું હોય તેમ જણાય છે. હિસાબ, સરવૈયું, આવક-જાવક અને વ્યવસ્થા યોગ્ય અને ચોખવટવાળા છે. હાલમાં તેના ખર્ચ માટે મેમ્બરશીપની યોજના કરી છે; પરંતુ અમારા માનવા પ્રમાણે ભવિષ્યમાં નભી શકવી મુશ્કેલ એટલા માટે છે કે, આપણે આરંભે શૂરા છીયે અને લીધેલ કાયમ નિભાવી શકતા નથી. વળી મુંબઇમાં કાર્યવાહકો માટે પણ અગવડતાવાળું છે, માટે જ્ઞાતિબંધુનો આ સંસ્થાદ્વારા આશીર્વાદ લેવા માટે આ ખાતું કાયમી કરવા એક સારા ફંડની ખાસ જરૂર છે. જ્ઞાતિબંધુઓ તેની જરૂરીયાત ધારે છે તો અવશ્ય એક કાયમી ફંડ કરી નિરંતરને માટે દરદીઓની આશિષ મેળવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અમારો સત્કાર.

અમારા તરફથી વિવિધ સાહિત્યના ઉત્તમ ગ્રંથો પ્રકટ થાય છે તે સર્વ વિદિત છે, પરંતુ આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને પણ માસિકના વાંચન ઉપરાંત ભેટના ઉત્તમ પુસ્તકો આપી વાંચનનો બહોળો લાભ આપવામાં આવે છે. જેને માટે અમે કાંઇ લખીયે તેના કરતાં સમાજના વિદ્વાન બંધુઓ કાંઇ પણ લખે કે તે માટે પોતાનો સંતોષ કે આનંદ જાહેર કરે તેથી અમારી શાસનસેવા માટે સમાજમાં થતી ગણુના જોઇ અમોને પણ હર્ષ થાય તે સ્વાભાવિક છે. હકીકત એ છે જે આ વખતે આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને શ્રી **ધર્મરત્ન પ્રકરણ** નામનો ઉત્તમ ગ્રંથ ભેટ આપેલ છે તેને માટે વીરમગામનિવાસી વકીલ છોટાલાલભાઇ ત્રિકમલાલ પારેખ સભા ઉપર પત્ર લખી નીચે પ્રમાણે જણાવે છેઃ—

## શ્રી જૈન આત્માનંદ સભાના સેક્રેટરી સાહેબો, ભાવનગર.

" પત્ર લખવાનું મન સભા તરફથી પ્રસિદ્ધ થયેલ **ધર્મરત્ન પ્રકરણનું** ભાષાંતર આદ્યંત વાંચવાથી થયેલું છે.

આ બુક વાંચી મને ઘણોજ આનંદ થયો છે અને જાણવા જોગ તથા મનન કરવાયોગ્ય ઘણી બાબતો મળી છે.

હાલના સમયમાં તેમજ કહો કે હાલના વાતા પવનના જમાનામાં, આ ગ્રંથ બરાબર વાંચવાથી તથા મનન કરવાથી માનસિક મધ્યસ્થતા પ્રાપ્ત કરવાનો તથા સાચવવાનો ઉચ્ચ હેતુ કેટલેક અંશે સાધી શકાય છે. ટુંકાણમાં આ ગ્રંથ દરેક ભાઇએ વાંચવા યોગ્ય છે.

દરેક મનુષ્યે પોતે કેવા થવું જોઇએ અને કેમ વર્તવું જોઇએ તેના માટે આ ગ્રંથ ઘણોજ ઉપયોગી છે. આ ભાષાંતર માટે તમો બધાનો આભાર માનું છું.

૨ બીજી વખત આવૃતિ છપાવવી પડે તો નીચેની સુચનાઓ ધ્યાનમાં લેશો.

કેટલેક સ્થળે કથાઓ આપી છે કેટલેક સ્થળે બીજા ગ્રંથમાં કથા જોવા જણાવેલ છે, તો બીજા ગ્રંથમાંથી ઘણા ભાઇઓ કથાઓ વાંચતા નથી, તેવી કથાઓથી ગ્રંથ વધી જાય તેમ નથી માટે જરૂર હવે પછી બધી કથાઓ આ ગ્રંથમાંજ વગર અપવાદે આપશો.

૩ ભાષાંતર સામાન્ય રીતે ઠીક છે. પરંતુ કેટલેક સ્થળે વધારે સરલ નથી જેથી બીજી આવૃતિ વખતે બની શકે તેટલું વધારે તેવું કરવા સુચના છે.

જેટલે અંશે યોગ્ય લાગે તેટલે અંશે આ સુચનાઓ આપી છે. વિગેરે વિગેરે.

તા. ૧૬ એપ્રીલ સને ૧૯૨૭ દા. પોતાના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ધાર્મિક અભ્યાસક્રમ.

પાલીતાણામાં આવેલા શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળમાં છેલા ત્રણ વર્ષથી વિદ્યાર્થીને શિક્ષણ આપવાને અંગ્રેજી ચોથા ધોરણ સુધીની ખાસ અંગત સ્કુલ ખોલવામાં આવી છે તે સાથે ધાર્મિક શિક્ષણ પણ વર્ગવાર ધોરણમાં નિયમીત દાખલ કરવામાં આવ્યું છે.

હાલ દેશમાં સર્વત્ર પાઠશાળાઓ ચાલે છે. અને તે માટે અભ્યાસક્રમની સામાન્ય રૂપરેખા થઇ છે. પરંતુ તે ક્રમ વિચારણાને દીર્ઘકાળ પસાર થવાથી થયેલા અનુભવો અને નવી તૈયારીઓને સાનુકુળ યોજના થવાની કમિટિને જરૂર લાગવાથી તે કામ માટે ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ તથા શાહ ફતેહચંદ ઝવેરભાઇની રહેનાર ભાવનગરનાની સબ કમીટીને સોંપાયું. ને તેમણે તૈયાર કરેલ ક્રમ ગયા જાન્યુઆરી માસમાં શ્રીયુત ઉમેદચંદ દોલતચંદ બરોડીયાએ ગુરૂકુળની મુલાકાતે આવતાં કમિટિ સાથે બેસી ચર્ચાપૂર્વક સ્પષ્ટ કરવા પછી જનરલ કમીટીએ તે ક્રમ ગુરૂકુળની સ્કુલમાં ચલાવવાને નિર્ણય કર્યો છે જેમાં—

**ધોરણ ૧ લું—**

(૧) સામાયિક અને ચૈત્યવંદન મૂળ વિધિ સહિત. (૨) ક્રિયાના ઉપકરણના નામો અને ઉપયોગ. ( ૩ ) ચૈત્યવંદન અને સ્તવન દશ દશ, પાંચ સ્તુતિઓ સાથે મુખપાઠ. ( ૪ ) શ્રી સિદ્ધચક્રજીના નવ પદોના નામ વર્ણ સાથે, ચોવીશ જીનેશ્વરોના નામ વર્ણ અને લંછન સાથે, પંચ પરમેષ્ઠીના ગુણો સંખ્યા માત્રથી. ( ૫ ) સામાન્યજ્ઞાન માટે જૈનધર્મ પ્રવેશ પોથી ભા. ૪ માં થી દર્શન, પૂજા અને સામાયિક, એ ત્રણે પાઠો મોઢેથી સમજાવવા.

**ધોરણ ૨ જું—**

( ૧ ) સામાયિક અને ચૈત્યવંદનના અર્થ. ( ૨ ) દેવશી તથા રાઇપ્રતિક્રમણ મૂળ. ( ૩ ) ચૈત્યવંદન ૧૦ તથા સ્તવનો ૧૦ તથા સ્તુતિઓ પાંચ. ( તીર્થોની સાથે ) મુખપાઠ. ( ૪ ) મુહપત્તિના પચીશ બોલ, વાંદણાના આવશ્યકો સામાયિકના બત્રીશ દોષ, પૂજાની સપ્તશુદ્ધિ. દશત્રિક, પાંચ અભિગમ, ત્રણ નિસિહિ અને દેરાસરની આશાતનાના નામો. ( ૫ ) સમ્યકત્વના ૬૭ બોલ મૂળ તથા સામાન્ય અર્થ.

**ધોરણ ૩ જું—**

( ૧ ) બે પ્રતિક્રમણના. અર્થ વિધિ સહિત. ( ૨ ) સકલાર્હત અને અજીતશાન્તિ મૂળ. ( ૩ ) ભરહેસરની સઝાયમાં આવતા મહાન્ પુરૂષ તથા સતીઓના જીવનવૃત્તાંત ટુંકમાં. ( ૪ ) આચારોપદેશ ગ્રંથમાંથી શ્રાવકાચારના બે વર્ગો ટુંકી સમજ સાથે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધોરણ ૪ થું—

( ૧ ) અતિચાર મોટા, બૃહત્શાન્તિ તથા સંતિકરં મૂળ. ( ૨ ) સકલાર્હત અને પચખ્ખાણ અર્થ સાથે. ( ૩ ) જીવવિચાર અર્થ સાથે ( ૪ ) આચારોપદેશ પૂરો ટુંકી સમજ સાથે. ( ૫ ) બાકીના ત્રણ પ્રતિક્રમણની વિધિ.

ધોરણ ૫ મું—

( ૧ ) નવતત્વ વિસ્તારથી અર્થ સાથે. ( ૨ ) અજીતશાન્તના અર્થ તીજયપહુત્ત અને નમિઊણ મુખપાઠ અર્થ સાથે. ( ૩ ) જૈનતત્વ સાર ગ્રન્થનો અડધો વિભાગ સમજાવવો. ( ૪ ) શ્રાદ્ધગુણવિવરણ ગ્રંથનો અડધો વિભાગ સમજાવવો. (૫) પંચપરમેષ્ઠીના ૧૦૮ ગુણો વિસ્તારપૂર્વક. કરાવવા.

ધોરણ ૬ ઠું—

( ૧ )ભક્તામર સ્તોત્ર મૂળ અર્થ સાથે. ( ૨ ) જૈનતત્વસાર અને શ્રાદ્ધગુણવિવરણના બાકીના વિભાગો પૂરા. ( ૩ ) સાત નય, સાત ભંગ, અને ચૌદગુણસ્થાનકના નામો વિસ્તારપૂર્વક અર્થ સહીત. ( ૪ ) કર્મની મૂળ તથા ઉત્તર પ્રકૃતિના ભેદો અર્થ સહિત તથા ઉદય, ઉદીરણા, સત્તા અને બંધનું સ્વરૂપ. ( ૫ ) શ્રી મહાવીર સ્વામી ચરિત્રમાંથી અમુક અમુક પ્રસંગો સમજણ સાથે.

ધોરણ ૭ મું—

( ૧ ) ષટ્દ્રવ્ય ( દ્રવ્યગુણ પર્યાયનો રાસ ) અર્થ સહિત. ( ૨ ) કલ્યાણમંદિર સ્તોત્ર અર્થ સાથે. ( ૩ ) આત્મજ્ઞાન પ્રવેશિકા, શાન્તિનો માર્ગ, જૈનીઝમનું રહસ્ય કહેવું.

ધોરણ ૮ મું—

( ૧ ) તત્વાખ્યાનમાંથી જૈન દર્શનનો વિભાગ. ( ૨ ) શ્રી યશોવિજયજી કૃત જ્ઞાન સારમાંથી ચુંટી કહાડેલા ૧૨ અષ્ટકો મૂળ અર્થ સાથે. ( ૩ ) સવાસો ગાથાનું શ્રી સીમંધર સ્વામિજીનું સ્તવન અર્થ સાથે.

ઉપરના ક્રમમાં કંઇ સુચના કે સલાહ આપવા જેવું જણાય તો શિક્ષણ રસિક સંસ્થાઓ, વિદ્વદ્ મુનિવરો તથા પાઠશાળાઓના સંચાલકો યોગ્ય સલાહ આપી શકે અને અનુકુળ જણાય તેઓ અનુકરણ કરી શકે તે માટે આ ક્રમ પ્રકટ કરવા વિનંતિ છે.

સ્થાનિક કમીટી.

યશોવિજયજી જૈન ગુરૂકુળ—પાલીતાણા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આ સભા તરફથી બહાર પડેલ ઉત્તમોત્તમ ગુજરાતી પુસ્તકો.

| | | |
|---|---|---|
| ૧ | શ્રી જૈન તત્વાદર્શ ( શાસ્ત્રી ) | ૫-૦-૦ |
| ૨ | નવતત્વનો સુંદર બોધ | ૦-૧૦-૦ |
| ૩ | જીવવિચાર વૃત્તિ | ૦-૬-૦ |
| ૪ | જૈન ધર્મ વિષયિક પ્રશ્નોત્તર | ૦-૮-૦ |
| ૫ | જૈનતત્વસાર મૂળ તથા ભાષાંતર | ૦-૬-૦ |
| ૬ | દંડક વિચાર વૃત્તિ મૂળ. અવચૂરિ | ૦-૮-૦ |
| ૭ | નયમાર્ગદર્શક | ૦-૧૨-૦ |
| ૮ | હંસવિનોદ ( શાસ્ત્રી ) | ૦-૧૨-૦ |
| ૯ | કુમાર વિહાર શતક, મૂળ અવચૂરિ અને ભાષાંતર સાથે ( શાસ્ત્રી ) | ૧-૮-૦ |
| ૧૦ | પ્રકરણ સંગ્રહ | ૦-૪-૦ |
| ૧૧ | નવ્વાણું પ્રકારી પૂજા અર્થ સહિત | ૦-૮-૦ |
| ૧૨ | આત્મવલ્લભ સ્તવનાવલી | ૦-૬-૦ |
| ૧૩ | મોક્ષપદ સોપાન | ૦-૧૨-૦ |
| ૧૪ | પ્રશ્નોત્તર પુષ્પમાલા ( શાસ્ત્રી ) | ૦-૧૪-૦ |
| ૧૫ | શ્રાવક કલ્પતરૂ | ૦-૬-૦ |
| ૧૬ | આત્મપ્રબોધ ગ્રંથ ( શાસ્ત્રી ) | ૨-૮-૦ |
| ૧૭ | આત્મવલ્લભ પૂજા સંગ્રહ | ૧-૮-૦ |
| ૧૮ | જંબુસ્વામી ચરિત્ર | ૦-૮-૦ |
| ૧૯ | જૈન ગ્રંથ ગાઇડ ( ગુજરાતી ) | ૧-૦-૦ |
| ૨૦ | તપોરત્ન મહોદધિ ભાગ ૧-૨ તમામ તપ વિધિ સાથે | ૧-૦-૦ |
| ૨૧ | સમ્યકત્વ સ્તવ | ૦-૪-૦ |
| ૨૨ | ચંપકમાળા ચરિત્ર | ૦-૮-૦ |
| ૨૩ | શ્રી સમ્યકૃત્વ કૌમુદી | ૧-૦-૦ |
| ૨૪ | પ્રકરણ પુષ્પમાલા બીજું | ૦-૮-૦ |
| ૨૫ | અનુયોગદ્વાર સૂત્ર | ૦-૮-૦ |
| ૨૬ | અધ્યાત્મમત પરીક્ષા | ૦-૪-૦ |
| ૨૭ | ગુરૂગુણ છત્રીશી | ૦-૮-૦ |
| ૨૮ | શ્રી શત્રુંજય તીર્થ સ્તવનાવલી | ૦-૫-૦ |
| ૨૯ | જ્ઞાનામૃત કાવ્યકુંજ ( જ્ઞાનસાર અષ્ટક ગદ્ય, પદ્ય. અનુવાદ સહિત ) | ૦-૧૨-૦ |
| ૩૦ | શ્રી ઉપદેશ સપ્તતિકા | ૧-૦-૦ |
| ૩૧ | સંબોધ સિત્તરી | ૧-૦-૦ |
| ૩૨ | ગુણમાલા ( પંચપરમેષ્ઠિના ૧૦૮ ગુણનું વર્ણન અનેક કથાઓ સહિત ) | ૧-૮-૦ |
| ૩૩ | સુમુખનૃપાદિ કથા. | ૧-૦-૦ |
| ૩૪ | આદર્શ સ્ત્રી રત્નો | ૧-૦-૦ |
| ૩૫ | શ્રી નેમનાથ ચરિત્ર. | ૨-૦-૦ |
| ૩૬ | શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા, ૧ લો. | ૨-૦-૦ |
| ૩૭ | શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૨ | ૨-૮-૦ |
| ૩૮ | શ્રી દાન પ્રદીપ | ૩-૦-૦ |
| ૩૯ | શ્રી નવપદજી પૂજા અર્થ ફૂટનોટ સહિત | ૧-૪-૦ |
| ૪૦ | શ્રી કાવ્ય સુધાકર | ૨-૮-૦ |
| ૪૧ | શ્રી ધર્મરત્ન પ્રકરણ | ૧-૦-૦ |
| ૪૨ | શ્રી આચારોપદેશ ( રેશમી પાકું કપડાનું બાઇડીંગ ) | ૦-૮-૦ |
| ૪૩ | કુમારપાળ પ્રતિબોધ. | છપાય છે. |
| ૪૪ | ધર્મબિન્દુ ( આવૃતી બીજી ) | ,, |
| ૪૫ | શ્રી પંચપ્રતિક્રમણ અર્થ સહિત | ૧-૧૨-૦ |
| ૪૬ | શ્રી પ્રભાવક ચરિત્ર | છપાય છે. |
| ૪૭ | શ્રી વિમલનાથ ચરિત્ર | ,, |

## પરચુરણ પુસ્તકો.

| | |
|---|---|
| તત્વનિર્ણયપ્રાસાદ | ૧૦-૦-૦ |
| પ્રમેયરત્નકોષ | ૦-૮-૦ |
| જૈનભાનુ | ૦-૮-૦ |
| વિશેષનિર્ણય | ૦-૮-૦ |
| વિમલવિનોદ | ૦-૧૦-૦ |
| સજ્જનસન્મિત્ર | ૪-૦-૦ |
| અભયકુમારચરિત્ર ભાગ ૧ લો | ૨-૪-૦ |
| ,, ભાગ ૨ જો | ૩-૦-૦ |
| સજ્ઝાયમાળા ભાગ ૧ લો | ૨-૦-૦ |
| ,, ભાગ ૨ જો | ૨-૦-૦ |
| ,, ભાગ ૩ જો | ૨-૦-૦ |
| ,, ભાગ ૪ થો | ૨-૦-૦ |
| સમ્યકત્વદર્શન પૂજા | ૦-૧-૦ |
| ચૌદરાજલોક પૂજા | ૦-૧-૦ |
| નવપદજી મંડલ | ૦-૪-૦ |
| નવપદજી મંત્ર | ૦-૨-૦ |

ઉપરનાં પુસ્તકો સિવાય શ્રી જૈનધર્મ પ્રસારક સભા, શા. મેઘજી હીરજી બુકસેલર, શ્રાવક ભીમસી માણેક, સલોત અમૃતલાલ અમરચંદ વિગેરેનાં પુસ્તકો પણ અમારે ત્યાંથી મળી શકશે. નફો જ્ઞાનખાતામાં જાય છે. જેથી મંગાવનારને પણ લાભ છે.

**લખો:—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નીચેના ગ્રંથો છપાય છે.

૧ **કુમારપાળ પ્રતિબોધ**—ઇતિહાસ અને ઉપદેશની દ્રષ્ટિએ અનેક કથાઓ સહિત–શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે કુમારપાળ રાજાને જે ઉપદેશ દ્રષ્ટાંત–કથાઓ સહિત આપી જૈન રાજા બનાવેલ છે, તે અન્યધર્મી વાંચતાં પણ જૈન બની જાય છે તો જૈનધર્મી તે વાંચતાં પરમ જૈન બને તેમાં શું નવાઇ? ૬૦ ફારમ શુમારે ૫૦૦ પાના રોયલ મોટી સાઇઝ=શેઠ નાગરદાસભાઇ પુરૂષોતમદાસ રાણપુર નિવાસીની સહાયવડે તેમની સીરીઝ તરીકે—

૨ **શ્રી ધર્મબિન્દુ ગ્રંથ**—શ્રી હરિભદ્રસૂરિ મહારાજ કૃત મૂળ તથા ભાષાંતર સાથે. આપણી શ્રી જૈન કોન્ફરન્સની એજ્યુકેશનબોર્ડે પાઠશાળાઓના અભ્યાસક્રમ તરીકે દાખલ કરેલ છે. દરેક જૈન તેનો અભ્યાસી હોવોજ જોઇએ.

૩ **શ્રી પેથડકુમાર ચરિત્ર**—અર્વાચીન ઇતિહાસીક ગ્રંથ ઉત્તમ ચરિત્ર મૂળ આ સભાએ છપાવેલ છે આ તેનું ભાષાંતર છે.

૪ **શ્રી વિમલનાથ ચરિત્ર**—વિવિધ ઉપદેશ અને ચમત્કારિક અનેક કથાઓ સહિત ( ખાસ વાંચવા લાયક )

૫ **શ્રી પ્રભાવક ચરિત્ર**—અર્વાચીન બાવીશ મહાન ( આચાર્યોશ્રી ) પુરૂષોના ચરિત્રો ( ઇતિહાસિક ગ્રંથ ).

૬ **આત્મવિશુદ્ધિ.**

## છપાઇ તૈયાર થયેલ અપૂર્વ ગ્રંથ.

## " गुरुतत्त्व विनिश्चय । "

પ્રસ્તુત ગ્રંથના કર્તા ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રીમાન્ યશોવિજયજી મહારાજ છે. ગુરૂતત્ત્વના સ્વરૂપનો સંગ્રહ વાંચકોને એકજ ઠેકાણે મળી શકે એવા ઉદ્દેશથી તેઓશ્રીએ જૈનાગમોનું દોહન કરી પ્રસ્તુત ગ્રંથમાં તેવા સંગ્રહને રોચક અને સરલ છતાં પ્રૌઢભાષમાં વર્ણવેલો છે જેનો ખ્યાલ વિદ્વાન્ વાચકોને ગ્રંથના નિરીક્ષણથી આવી શકશે.

સંસ્કૃત ભાષાને નહી જાણનાર સાધારણ વાચકો પણ પ્રસ્તુત ગ્રંથ માટેની પોતાની જિજ્ઞાસા પૂર્ણ કરી શકે તે માટે ગ્રંથની આદિમાં સંપાદકે ગ્રંથનો તેમજ તેના કર્તાનો પરિચય કરાવી ગ્રંથનો તાત્વિક સાર તથા વિષયાનુક્રમ આદિ ગુજરાતી ભાષામાં આપેલ છે. અને અંતમાં ઉપયોગી પરિશિષ્ટો તથા ઉપાધ્યાયજીના અજ્ઞાત બે અપૂર્વ ગ્રંથોનો ઉમેરો કરવામાં આવ્યો છે.

ખપી મુનિમહારાજો તેમજ ગૃહસ્થોએ મંગાવવા સાવધાન રહેવું. દરેક લાભ લઇ શકે તે માટે કિંમત અડધી રાખવામાં આવી છે. કિંમત રૂા ૩–૦–૦ ટપાલ ખર્ચ જુદું પડશે અમારે ત્યાંથી મળી શકશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


ઐતિહાસિક સાહિત્યના રસજ્ઞોને ખાસ તક.

# જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્યસંચય.

શ્રીમાન્ પ્રવર્ત્તકજી મહારાજ શ્રી કાન્તિવિજયજી જૈન ઐતિહાસિક ગ્રંથમાળાનું આ સાતમું પુષ્પ છે, કે જેમાં જુદા જુદા એકત્રીશ મહાપુરૂષો સંબંધી તેત્રીશ કાવ્યોનો સંચય છે. તેના સંગ્રાહક અને સંપાદક શ્રીમાન્ જિનવિજયજી આચાર્ય ગુજરાત પૂરાતત્ત્વ મંદિર છે. કાવ્યનો રચનાકાળ ચૌદમા સૈકાથી પ્રારંભી વીસમા સૈકાના પ્રથમ ચરણ સુધી છે. આ સંગ્રહથી આ છ સૈકાના અંતર્ગત સૈકાઓનું ગુજરાતી ભાષાનું સ્વરૂપ, ધાર્મિક, સમાજ અને રાજકીય વ્યવસ્થા, રીતરીવાજો, આચારવિચાર અને તે સમયના લોકોની ગતિનું લક્ષ્યબિંદુ એ દરેકને લગતી માહિતીઓ મળી શકે છે. કાવ્યો તે તે વ્યક્તિ મહાશયોના રંગથી રંગાયેલ હોઇ તેમાંથી અદ્દભૂત કલ્પના, ચમત્કારિક બનાવો અને વિવિધ રસોના આસ્વાદો મળે છે. આ કાવ્યોનો છેવટે રાસસારવિભાગ ગદ્યમાં આપી આ ઐતિહાસિક ગ્રંથને વધારે સરલ બનાવ્યો છે. વિદ્વાનોની સર્વોત્તમ સાહિત્ય પ્રસાદી આમાં છે. વિશેષ લખવા કરતાં વાંચવા ભલામણ કરીએ છીએ.

કિંમત ૨-૧૨-૦ પોસ્ટેજ જુદું. **શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

---

## " શ્રી આચારોપદેશ ગ્રંથ. "

આચાર એ પ્રથમ ધર્મ છે, તે શું છે તે આ ગ્રંથમાં બતાવેલ છે. રાત્રિના ચતુર્થ પહોરે ( બ્રાહ્મમુહૂર્ત વખતે ) શ્રાવકે જાગ્રત થઇ શું ચિંતવવું? ત્યાંથી માંડીને આખા દિવસની તમામ વ્યવહારિક તેમજ ધાર્મિક કરણી કેવા આશયથી તથા કેવી વિધિથી શું કરવી ? રાત્રિએ શયનકાળ સુધીમાં, મન, વચન, કાયાની શુદ્ધિપૂર્વક ધર્મ આજ્ઞાઓના પાલન તરીકેનું આચાર વિધાન કેવું હોવું જોઇએ? વગેરે અનેક ગૃહસ્થ ઉપયોગી જીવનમાં પ્રતિદિન આચરવા યોગ્ય સરલ, હિતકર યોજના આ ગ્રંથમાં બતાવેલ છે. શ્રાવકધર્મને માટે શરૂઆતથી પ્રથમ શિક્ષારૂપ આ ગ્રંથ હોઇ એક ઉત્તમ કૃતિ છે. કોઇ પણ જૈન નામ ધરાવનાર વ્યક્તિ પાસે તેના પઠનપાઠન માટે આ ગ્રંથ અવશ્ય હોવો જોઇએ. કેટલેક સ્થળે જૈન શાળાઓમાં ધાર્મિક શિક્ષણ માટે ચલાવવા નકી થયેલ છે. કિંમત મુદ્દલ રૂા. ૦-૮-૦

---

## " શ્રી ધર્મરત્ન પ્રકરણ. "

સર્વ ધર્મ સ્થાનની ભૂમિકારૂપ એકવીશ શ્રાવકના ગુણનું વર્ણન, ભાવશ્રાવકના લક્ષણો, ભાવ સાધુના લક્ષણો, સ્વરૂપ અને ધર્મરત્નનું અનંતર, પરંપર ફળ, અનેક વિવિધ અઠ્ઠાવીશ કથાઓ સહિત આ ગ્રંથમાં આપવામાં આવેલ છે. પ્રથમથી છેવટ સુધીના તમામ વિષયો ઉપદેશરૂપી મધુર રસથી ભરપુર હોઇ તે વાંચતા વાચક જાણે અમૃત રસનું પાન કરતો હોય તેમ સ્વાભાવિક જણાય છે. વધારે વિવેચન કરતાં તે વાંચવાની ખાસ ભલામણ કરવામાં આવે છે. કિંમત રૂા ૧-૦-૦


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉદાર મૈત્રી.

પ્રથમ પદે સાવધાન રહેવાનું છે કે આપણા સ્નેહનું અધિષ્ઠાન યથા ન્યાય હોય; કારણ કે, સ્વતઃ મૈત્રીને પણ જો અન્ય વિલોભનકારણ હોય તો તે મૈત્રી ક્રય વિક્રયનું ભાજ્ય બને છે. સદ્‌ભાગ્ય પર પોતાની મૈત્રીનો આશ્રય રાખનાર મૈત્રીના ગૌરવને ન્યુન કરે છે. જ્યારે કોઈ મનુષ્ય એમ કહે કે હું રોગ, કારાગ્રહ અથવા દરીદ્રાવસ્થામાં આવી ફસું તે સમય મિત્ર મને સાહાય્યકારી થશે એવી રીતિનો મિત્રોનો વિચાર બાન્ધી મનથી આનંદ પામવો એ તેનું માનસિક લાઘવ દર્શાવે છે. મારા મિત્રને હું સાહાય્ય કરીશ એમ વિચારી મગ્ન રહે તેને વીર જાણવો. સ્વાર્થ માટે જ અન્ય સાથે સ્નેહ બાંધે તે ખરેખરો ભ્રાન્તિમાં ભમે છે. સ્વાર્થપરાયણ મૈત્રી સિદ્ધિના સમયથી અધિકસ્થાયિ નીવડતી નથી અને આ કારણને લીધે સમૃદ્ધિયુક્ત પુરૂષોને તેના સંપત્તિના સમયમાં અનેક પૃષ્ટગામિ મળે છે; પરન્તુ જ્યારે સદ્‌ભાગ્યનો પ્રતિકૂલ વાયુ વાય છે, ત્યારે કોઈ તેની પાસે ઢુંકતું એ નથી. અલ્પકાલિક અને તાલિમિત્રો કસોટી કર્યે મિત્ર નિવડે જ નહિ. કેટલાક લોકો પોતાના મિત્રથી ભય પામી અથવા અન્ય સ્થળમાં પોતાનો સ્વાર્થ સાધવા તેને ત્યજે છે; વળી કેટલાક તો તેને શત્રુના હાથમાં સમર્પે છે. સ્વાથને લક્ષ્ય બનાવી વર્તન રાખવું એ મૈત્રી નહિ, પણ સંધિક્રમ કહેવાય. વર્તમાન સમયની ભ્રષ્ટતાને લીધે પ્રાચીન કાળમાં પ્રખ્યાતિ પામેલી મૈત્રી અર્વાચીન સમયમાં લુંઠનનું સાધન થઇ પડયું છે. તમારા ઈચ્છાપત્રનું અન્ય સ્વરૂપ કરો અને તમારો મિત્ર સત્વર તમારો ત્યાગ કરશે. મારી માન્યતા પ્રમાણે મૈત્રીનો હેતુ એ છે કે, મનુષ્યે પોતાથી અધિક પોતાના મિત્રને પ્રીય ગણવો અને તેનું સંરક્ષણ કરવા પોતાના પ્રાણ ઉલ્લાસથી અર્પવા. મેં તો સિદ્ધ કરી સ્વીકાર્યું છે કે પ્રાજ્ઞ પુરૂષો મિત્ર થઇ શકે છે અને બાકી બીજા તો તાલીમિત્ર જાણવા. અને તે બેમાં જેટલો ફેર તેટલો મૈત્રી અને સ્નેહભાવમાં સમજવો; તાલીમિત્રથી વારંવાર આપણને અલાભ થાય, પરન્તુ મિત્રથી તો આપણને સદૈવ લાભ જ થાય, કારણ કે તે પોતાના મિત્રને પ્રત્યેક પ્રસંગે સુખ અને દુઃખમાં સમાન રીતે સહભાગી સાહાયક રહે છે. જે મનુષ્ય પર આપણો પ્રેમ હોય તેનાથી અંતરસ્થ હોવા છતાં આપણને અતિઆશ્વાસન પ્રાપ્ત થાય છે; પરંતુ તેનું સ્વરૂપ મ્લાન અને ગ્લાન ભાસે છે, પરન્તુ મિત્રના સામિપ્ય અને સન્મુખ સંભાષણનું સુખ હૃદયમાં વસે છે, વિશેષતઃ જેવા વાંછના યોગ્ય પુરૂષ સ્નેહનું પાત્ર થવા પ્રાપ્ત થાય તો પછી હૃદય સુખની સીમા નહિ. "સુખી જીવન"

For Private And Personal Use Only